# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.12 - Issue 10
October 2019
Price 12/-

## नवरात्रि उत्सव

## HAPPY Diwali





## FESTIVAL OF LIGHTS




વડોદરા અલ્કાપુરીમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત લાઇફ સાયન્સના ચેરમેન પદમશ્રી ડો.એચ.એચ. મહેતા, બ્ર.કુ. ડો. નિરંજનાબેન, ફોરેસ્ટ ઓફિસર નિધિ દવે, બ્ર.કુ. નરેન્દ્ર પટેલ તથા અન્ય મહેમાન.



ચિલોડામાં 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસે' પ્રતિભા સમ્પન્ન યુવાનોનાં સન્માન કાર્યક્રમમાં બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. તારાબેન, PI જીગરભાઇ પંડિત, ગુજ. વિદ્યાપીઠના ડૉ. પ્રભુલાલભાઈ.




ભાવનગર ખાતે કાશ્મીરમાંથી '૩૭૦-૩૫એ કલમની નાબૂદી' નિમિત્તે આયોજીત સર્વધર્મ સમભાવ કાર્યક્રમમાં બ્ર.કુ. તૃપ્તિબેન.



સુરેન્દ્રનગરમાં નગરપાલિકાના બગીચામાં અધિકારીઓ સાથે ૧૦૦૦ વૃક્ષો વાવ્યા બાદ બ્ર.કુ. ભાઈ-બહેનો સાથે બ્ર.કુ. હર્ષાબેન.




મુદ્રા કચ્છમાં 'વિશ્વ બંધુત્વ દિને' વૃક્ષારોપણ કાર્યક્રમમાં અહિંસા પશુધામના CEO ગિરીશભાઈને સૌગાત આપતાં બ્ર.કુ. સુશીલાબેન.



ભરુચ ઝાડેશ્વરમાં 'વિશ્વ બંધુત્વ દિવસે' વૃક્ષારોપણ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના પ્રમુખ ભગિની સુરભિબેન, સુશીલાબેન, બ્ર.કુ. નીમાબેન.



આણંદમાં 'શિક્ષક દિને' ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષક અવોર્ડી ભગિની રીટાબેનનું સન્માન કરતાં બ્ર.કુ. ગીતાબેન, અમૂલ લાયન્સ કલબના પ્રમુખ લાયન મનોજભાઈ.



રાજકોટ રવિરત્ન સેવાકેન્દ્ર દ્વારા 'રાષ્ટ્રીય રમત દિવસે' રેસકોર્સ ક્રિકેટ એકેડમીના ખેલાડીઓને ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. ડિમ્પલબેન તથા બ્ર.કુ. વિધિબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૨ | ઓક્ટોબર-૨૦૧૯ | અંક : ૧૦

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- ઉગ્ર માનસિક તાણ ..........................તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ..................................દાદી જાનકીજી ..07
- પ્રસન્નતાના પથ પર ....................બ્ર.કુ. શિવાનીબેન ..08
- આપણા સંકલ્પથી જ સૃષ્ટિની રચના .બ્ર.કુ. જગદીશચંદ્ર ..09
- બ્રહ્માકુમારીઝના મહામંત્રી રાજયોગી નિર્વૈરભાઈનો સંદેશ .11
- પવિત્રતા જીવનનો શ્રૃંગાર................બ્ર.કુ. રામલખન ..12
- સંઘર્ષનું દ્વાર - અહંકાર .....................બ્ર.કુ. સતીશ ..14
- દિવાળી અને આત્મખોજ .............બ્ર.કુ. ગોદાવરીબેન ..17
- દીપાવલીનું આધ્યાત્મિક રહસ્ય ..........બ્ર.કુ. બાલુભાઈ ..18
- કર્માતીત અવસ્થા ..........................બ્ર.કુ. કેશુભાઈ ..20
- શુભ ભાવના જરૂર પૂરી થાય છે. ............બ્ર.કુ. મનીષા ..22
- વિદેહી સ્થિતિ .............................. બ્ર.કુ. મધુબેન ..24
- સત્ય અને સ્નેહ આપણો સંજીવની મંત્ર ....બ્ર.કુ. અનિલ ..26
- દિવ્યદર્શન ...............................બ્ર.કુ. નંદિનીબેન ..28
- જીવનધ્યેય ..............................બ્ર.કુ. કરમશીભાઈ ..30
- તંત્રીને પત્રો ........................................................33
- સમર્પણ વખતે લેવાતી 7 પ્રતિજ્ઞાઓ ...બ્ર.કુ. અશોકભાઈ ..34
- ગીત - બિંદુમાં સિન્ધુ......................બ્ર.કુ. જયુભાઈ ..34



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું

**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**રાજયોગિની સરલાદીદી**


**સ્થાનિક સેવાકેન્દ્ર**


**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2532 4460, 2532 4660**

**Email :** gyanamrit.guj@gmail.com

# તંત્રી સ્થાનેથી

## ઉગ્ર માનસિક તાણ (Depression)

એકવીસમી સદી અદ્યતન વૈજ્ઞાનિક શોધોની, ભૌતિકતાની, યાંત્રિકતાની, અદ્યતન સંચાર સાધનોની છે. આની સાથે ભિન્ન ભિન્ન રોગોની માત્રા પણ વધી રહી છે. તેમાંયે ખાસ કરીને 'ઉગ્ર માનસિક તાણ' કિશોરો, યુવાનો, વૃદ્ધોમાં પણ જોવા મળે છે. બદલાયેલી જીવન શૈલીને કારણે માનવજાત ઉપર આ આફત આવી છે. જાણીતા લેખક **એન્ડ્રયુ સોલોમન** એ આ વિષયને આવરી લેતું પુસ્તક લખ્યું છે. જેનું નામ છે **'ધ મૂન ડે ડેમન - એન એટલાસ ઓફ ઈમ્પ્રેશન'.** આ પુસ્તકના 24 ભાષાઓમાં અનુવાદો થયેલા છે. એન્ડ્રયુ નોંધ છે કે 'માનસિક રોગોની જે રીતે ટ્રીટમેન્ટ થાય છે તે ઘણી આઘાતજનક હોય છે. આ ટ્રીટમેન્ટ બહુ મોંઘી હોય છે. બિન અસરકારક હોય છે. જાત જાતની સાઈડ ઈફેક્ટ તો વધારામાં મળે છે. આમ છતાંય પચાસ વર્ષ પહેલાં માનસિક ઉપચારની જે હાલત હતી એના કરતાં અત્યારે ઘણી સારી છે.'

ઉગ્ર માનસિક તાણ કેમ આવે છે તે તો સૌ જાણે છે આમ છતાં અહીં તેનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

### ઉગ્ર માનસિક તાણ - કારણો
### પારિવારિક વિસંવાદિતા

આજે સંયુક્ત કુટુંબો તૂટતાં જાય છે. વિભક્ત કુટુંબો વધતાં જાય છે. પરિવાર સમૃદ્ધ, સુસંસ્કારી હોય તો વાંધો આવતો નથી પણ પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરને કારણે વિભક્ત કુટુંબોમાં પણ વિસંવાદિતા વધતી જાય છે. તેમાં આર્થિક, શૈક્ષણિક, સામાજિક બાબતોમાં જો અસમાનતા હોય તો તે ડીપ્રેશનનું કારણ બને છે. પુરુષ કમાતો ના હોય, વ્યસની, અસંસ્કારી હોય તો પત્ની અને સંતાનો ડીપ્રેશનનો ભોગ બને છે. ક્યારેક પુરુષ કરતાં સ્ત્રીની કમાણી અને સ્થાન ઊંચું હોય તો તે તનાવનું કારણ બને છે. આ માત્રા વધતી જાય તો ડીપ્રેશનમાં પરિણમે છે. માતા પિતાની જવાબદારી નિભાવવામાં પ્રસન્નતા હોતી નથી. તેથી માનસિક તાણ વધે છે. કોર્ટ કેસો, ભરણપોષણની બાબતો પણ તનાવ જન્માવે છે. લગ્ન વિષયક કજોડાં, આંતરજ્ઞાતીય લગ્નોને કારણે મૃત્યુની ઘટનાઓ બને છે.

### શૈક્ષણિક કારકિર્દી

ક્યારેક માતાપિતા પણ સંતાનોના ડીપ્રેશનમાં કારણભૂત બને છે. અખબારી અહેવાલ મુજબ છોકરીને નર્સીંગમાં જવું નહોતું. તેને બળજબરીથી મોકલતાં તેણીએ આત્મહત્યા કરી. સંતાનોને અભ્યાસની જે લાઈન પસંદ હોય તેમાં જવું હોય પણ માતાપિતાના દબાણને વશ થતાં સંતાનો ડીપ્રેશનના ભોગ બને છે. મધ્યમકક્ષાના વિદ્યાર્થીઓ ઉત્તમ પરિણામ લાવે તેવી માતાપિતા આશા રાખતાં હોય છે. તેથી બાળકો ડીપ્રેશનના શિકાર બને છે. યુવાવયે મનપસંદ પાત્રની પસંદગીમાં અવરોધ નાખવામાં આવે તો તે પણ ડીપ્રેશનનું કારણ બને છે.

માનવમાં યોગ્યતા હોય છતાં તેની અવગણના, અનાદર કરવામાં આવે, તેના પ્રદાનની નોંધ લઈ પ્રશંસાના બે શબ્દો પણ સાંભળવા ના મળે તે ડીપ્રેશનને વેગ આપે છે.

## આર્થિક અભાવ

આજે ચલચિત્રો, સોસ્યલ મીડિયા, અખબારો, ઈલેક્ટ્રોનિક મીડિયામાં વાસ્તવિકતા કરતાં જુદી વાતો કરવામાં આવે છે. સત્તા અને સંપત્તિ ટૂંકા માર્ગે પણ મેળવવાની સ્પર્ધા થાય છે. દેખાદેખીમાં આવીને અદ્યતન મકાનો, વાહનો, ઈલેક્ટ્રોનિક સાધનો આવકની કક્ષાથી ઉપર જઈને લોનથી લેવામાં આવે છે. કોઈની સાથે તુલના થાય છે, સ્પર્ધાભાવ થાય છે. કાયદાઓનો ભંગ કરવામાં આવે છે ત્યારે માનવ ડીપ્રેશનનો શિકાર બને છે.

## નકારાત્મક વલણ

માનવ દરેક વાતોમાં કોઈના દોષ જુએ છે. કોઈને સિદ્ધિઓ બદલ બિરદાવવાને બદલે ગ્લાનિ કરે છે. વાણીમાં, વ્યવહારમાં તેની નકારાત્મકતા દેખાઈ આવે છે. જેથી લોકો તેનાથી દૂર ભાગે છે. કોઈ એને સાચી વાત સમજાવવાની હિંમત કરતું નથી. જો નકારાત્મક દૃષ્ટિ, વૃત્તિ અને કૃતિમાં વૃદ્ધિ થાય તો તે માનવ ડીપ્રેશનનો શિકાર બને છે.

## ઉગ્ર માનસિક તાણનું નિવારણ- સત્સંગ

ડીપ્રેશનના દર્દીને કદી એકલો ના મૂકવો જોઈએ. મનગમતી, રસરુચિની પ્રવૃત્તિઓમાં તેને સક્રિય રાખી ડીપ્રેશનના વાતાવરણને દૂર રાખવું જોઈએ. સગાંવહાલાં, મિત્રોના સંપર્કમાં દર્દી આવે ત્યારે તેઓ હકારાત્મક વાતો કરે છે કેમ ? તેનું ધ્યાન રાખવું જોઈએ.

ડીપ્રેશનમાં માત્ર દવાઓ, સારવાર પર્યાપ્ત નથી. દવાઓ સાથે તેને દુઆઓ પણ મળે તે જરૂરી છે. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં આવીને નિયમિત જ્ઞાન શ્રવણ, યોગ અભ્યાસ કરવાથી ડીપ્રેશનમાંથી મુક્તિ મળ્યાનાં ઘણાં દૃષ્ટાંતો છે. આધ્યાત્મિક સંગીત, ગીતો તેને ડીપ્રેશનનાં વિચારોથી મુક્ત રાખે છે.

## ઈચ્છાઓ ઉપર નિયંત્રણ

પરિવારમાંથી જ એવું શિક્ષણ મળવું જોઈએ કે આપણે આપણી આર્થિક સ્થિતિ, કમાણીના આધારે ઈચ્છાઓ રાખવી જોઈએ. ‘સાદુ જીવન અને ઉચ્ચવિચાર’ના સૂત્રને જીવનમાં ચરિતાર્થ કરવું જોઈએ. કેટલાંયે મહાપુરુષો - સ્ત્રીઓએ ઘણી ઓછી જરૂરિયાતોથી જીવનને દિવ્ય, મહાન બનાવ્યું હતું. બ્રહ્માબાબા વાંસની ઝૂંપડીમાં બેસીને યોગાભ્યાસ કરતાં. રહેવા માટે પણ નાનો સાદો ઓરડો હતો. વસ્ત્રો અને ખાનપાન પણ સાદગીપૂર્ણ હતાં. આપણી સામે રવિશંકર મહારાજ, ઈન્દુલાલ યાજ્ઞિક, ગાંધીજી વગેરેનાં ઉદાહરણો છે.

## કર્મની ગતિનું જ્ઞાન

માનવ વર્તમાનમાં જે રીતે જીવે છે તે વર્તમાન અને પાછલા જન્મોના કર્મોના હિસાબ કિતાબ રૂપે છે. તેથી સૃષ્ટિ નાટકમાં આપણને જે પાત્ર ભજવવાનું મળ્યું હોય તેને સાક્ષીભાવે, પ્રેમથી નિભાવવું જોઈએ. કર્મની ગતિનું જ્ઞાન માનવને ડીપ્રેશનથી દૂર રાખી સ્વસ્થ માનવ, પ્રસન્ન માનવ બનાવે છે.

માનવ કર્મ કર્યા પછી તેનું પરિણામ ભોગવ્યા વિના રહી શકતો નથી. એવાં કર્મફળનાં અનેક દૃષ્ટાંતો જોવા મળે છે, વાંચવા મળે છે. માનવ પોતાનાં પાર્ટને બદલી શકતો નથી. તેથી તનાવમાં આવીને ડીપ્રેશનના ભોગ ના બનવું જોઈએ.

## અદ્યતન સંચાર સાધનો ઉપર વિવેકપૂર્ણ નિયંત્રણ

આજે મોબાઈલ, ઈન્ટરનેટ, ફેસબુક, ટ્વીટર વગેરે સોસ્યલ મીડિયાએ ફાયદાની સાથે નુકસાન પણ એટલું જ કર્યું છે. મોબાઈલથી વંચિત

રાખતાં આત્મહત્યા (જીવઘાત)ની ઘટનાઓ બને છે. જે અખબારોમાં આવે છે. કૃત્રિમ સંબંધોનાં પરિણામો આઘાતજનક નીવડે છે. જો અદ્યતન સંચારસાધનો ઉપર વિવેકપૂર્વકનું નિયંત્રણ ના હોય તો તેનાં ખતરનાક પરિણામો ભોગવવાં પડે છે. તેથી ડીપ્રેશનથી બચવા ઉપરોક્ત બાબતો વિશે ગહનચિંતન જરૂરી છે.

### અન્ય ઉપાયો

વ્યક્તિને મનોવૈજ્ઞાનિક રીતે સમજવી જરૂરી છે. તેની મૂંઝવણો સાંભળીને તેનો ઉકેલ લાવવાની જરૂર છે. દરેક વ્યક્તિને પરિવારમાં સન્માન મળવું જોઈએ. તેની ગણના થવી જોઈએ. પરિવારે અમુક સમયે પ્રકૃતિની ગોદમાં જવું જોઈએ. મન પસંદ શિષ્ટ ગીત સંગીતનો આનંદ માણવો જોઈએ. શ્રેષ્ઠ સાહિત્યનું વાંચન પણ જરૂરી છે. બાળક, યુવાના ઘડતરમાં ઉષ્માનો, પ્રેમનો અભાવ ડીપ્રેશન નોંતરે છે. તેથી તેમાં સાવધાની રાખવી જરૂરી છે.

ડીપ્રેશનમાંથી બહાર આવીને ભિન્ન ભિન્ન સિદ્ધિઓ મેળવનાર સ્ત્રી-પુરુષોના અનુભવો સાંભળવા, વાંચવા જરૂરી છે. **'કંઈ લાખો નિરાશામાં એક અમર આશા છુપાઈ છે.'** કવિ મણિલાલ ન. દ્વિવેદીની આ પંક્તિ સૂચક છે. તેથી જીવનમાં આશાવાદી દૃષ્ટિકોણ રાખવો જરૂરી છે. ભલે આંગળીના વેઢે ગણી શકાય તેવા નિકટના, વિશ્વાસુ સંબંધો હોય તેમની આગળ દિલ ઠાલવીને હળવા બનવું જોઈએ. સમસ્યાનું સમાધાન શોધવું જોઈએ.

### આદર્શ જીવનશૈલી

આજના તમોપ્રધાન, ચારિત્ર્યિક, નૈતિક અધઃપતનના યુગમાં પણ સુખ, શાંતિ, દિવ્યાનંદ, વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાથી જીવતા બ્રહ્મા વત્સોની દિવ્ય, આદર્શ જીવનશૈલી સર્વ પ્રકારના માનસિક પરિતાપો દૂર કરાવીને અતીન્દ્રિય સુખની અનુભૂતિ કરાવે છે. માટે નજીકના બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રની મુલાકાત લેશો એવી અપેક્ષા છે.

**॥ ઓમશાંતિ ॥**

**- બ્ર.કુ. કાલિદાસ**

---

**(પેજ નં. 07નું અનુસંધાન)... અમૃતધારા**

કોઈને કોઈ અનુભવ કરાવીને પોતાનો બનાવી લે છે. લૌકિકમાં કોઈ પાછળ પડતા નથી. બાબા આપણી પાછળ પડે છે કારણ કે તે જાણે છે કે દુનિયામાં શું રાખ્યું છે ? જે મારાથી મળશે તે બીજે ક્યાંયથી નહીં મળે. બાળક ઓછી બુદ્ધિવાળો છે. એટલે બાબા એને પોતાનો બનાવીને રાખે છે. જેવા છો તેવા મારા બનીને રહો. હું એમ નથી કહેતો કે તમે ચાલ્યા જાઓ. મારું તો કામ છે જ નાલાયકને લાયક બનાવવા, પતિતોને પાવન બનાવવા, નિર્બળને બળવાન બનાવવા. આ એનું કામ છે. તે પોતાનું કામ કરતા જ રહે છે.


તો બાબા સાથે એટલો પ્રેમ કેમ થયો છે ? તે અથક બનીને બાળકોને પોતાના સમાન બનાવી રહ્યા છે. બાબાએ સદા આદિથી આજ સુધી આપણા ઉપર એવી નજર રાખી છે કે બેટી બાપને જુએ બાપ એને નજરથી જુએ. જેને નજરથી નિહાલ કરી દીધા તે કદી બેહાલ બનશે નહીં. ગમે તેવી પરિસ્થિતિ આવે તે પરેશાન થઈ શકતા નથી. જેના ઉપર બાપની નજર પડી, જેના શિર પર બાપનો હાથ છે જેના શિર પર છત્રછાયા છે એની સામે કોઈપણ પરીક્ષા આવે, પરિસ્થિતિ આવે, તો પહાડ પણ રાઈ બની રહેશે. આવી અંદરથી પોતાની સ્થિતિ બનાવીને રાખે છે તે સાચો પુરુષાર્થી છે.

**॥ ઓમશાંતિ ॥**

### અમૃતધારા

# સ્થિર બુદ્ધિથી જ સ્મૃતિમાં શક્તિ આવશે

રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



જેને લોકો કહે છે ભગવાન ઊંચામાં ઊંચા છે. હજાર સૂર્યથી પણ તેજોમય છે. આપણે કહીએ છીએ કે આપણે એમને મેળવી લીધા છે. આ નિશ્ચય નથી તો યોગી કઈ રીતે બને ? ગમે તે થાય પણ કોઈ આપણી ખુશીને છિનવી ના શકે. શ્રીમત પર ચાલીએ છીએ તો બુદ્ધિ અહીં તહીં જતી નથી. મનમત દગાબાજ છે. શ્રીમત દગાથી બચાવનારી છે. સમજદાર બનાવનારી છે. બુદ્ધિને સ્થિર એકાગ્રચિત રાખશો, તો સ્મૃતિ શક્તિ આપનારી બનશે. વિસ્મૃતિથી જે મેળવેલી શક્તિ છે તે પણ અદૃશ્ય થઈ જાય છે. સ્મૃતિ શક્તિશાળી બનાવે છે.

બાબાનો મહાન યજ્ઞ છે. બાબા આપણને ખવડાવી રહ્યા છે. આ બ્રહ્માભોજન છે જેનાથી મનુષ્ય દેવતા બને છે. જેવું ભોજન પેટમાં જશે તેવું મન બનશે. પરંતુ આપણે શું કરવાનું છે ? મનમાં જે જૂની સ્મૃતિઓ છે તે ભૂલાવી દેવાની છે. શાંતિમાં ઘણી મજા છે, તેનાથી સહજ રહેવાય છે. જેટલા ખુશ રહો, હર્ષિત રહો, મૂંઝાવાનો સ્વભાવ ના રાખો તો બધું સ્પષ્ટ દેખાય છે. આ કરવાનું છે આ નથી કરવાનું. બાબા કેટલા સહજ યોગી, કર્મયોગી બનાવી રહ્યા છે. પછી સાહજિક યોગી બાબા બનાવે છે. તો સ્મૃતિ આવી બનવાથી, શાંત રહેવાથી જે ઘડી જેની આવશ્યકતા છે તે સહજ હાજર થઈ જાય છે. કોઈ કામ સોંપ્યું, શાંતિથી કામ ના કર્યું, તો પશ્ચાતાપ કરવો પડશે. એટલે કહેવાય છે **'જો ઓટે સો અર્જુન'.** જે કરશે તે મેળવશે. કરશો તો પહેલાં દુઆઓ મળશે. દુઆઓની શક્તિ કમાલનું કામ કરે છે. હિંમત આપણી, મદદ બાપ (પરમાત્મા)ની. દુઆઓ સર્વની. આ છે સારું જીવન જીવવાની કળા. વાચા સેવામાં અભિમાન આવી શકે છે. કર્મણા સેવામાં અભિમાન તૂટે છે, યોગી બનીએ છીએ.

બાબાની જેટલી મીઠી વાતો સાંભળીએ છીએ, તો સાંભળતી વખતે એવું લાગે છે કે એક પણ વાત આપણે ભૂલીએ નહીં. સર્વ યાદ રહે. આટલી સારી મીઠી વાતો છે. સદાના માટે આપણને યાદ રહેવી જોઈએ. સાથે સાથે એવું ઈચ્છીએ છીએ કે તે સર્વ આપણા જીવનમાં આવી જાય. કોઈ પણ ભૂલાય નહીં. એક પણ શક્તિ ટકાવારીમાં ઓછી ના થાય. બાબાને આપણા માટે કેટલો પ્રેમ છે. તો સર્વ વાતોમાં સંપન્ન બની જઈએ. આપણે ભાગ્યશાળી છીએ કે બાબાએ આપણી પાસે અપેક્ષાઓ રાખી છે. જે રીતે બાળકોનો માબાપ પર અધિકાર છે, બીજાઓ ઉપર નહીં. પોતાનાં બાળકોને શીખવાડશે, સમજાવશે. બાબાએ આપણને પોતાના બનાવ્યા છે. તો બાબાને હક છે આપણને કહેવાનો. બાબા આપણા ઉપર કુરબાન થયા છે. આપણે એમનાં ઉપર કુરબાન થયા છીએ.

આપણે બાબાને જાણવામાં ઓળખવામાં સમય વીતાવ્યો. એમણે સત્વરે આપણને પોતાના બનાવ્યા. આપણે બાબાને પોતાના બનાવવામાં સમય વીતાવીએ છીએ તો તે પાછળ પડે છે. કોઈ છોડીને પણ ચાલ્યા જાય છે. છતાં પણ એમને

(અનુસંધાન પેજ નં. 06 પર)

## પ્રસન્નતાના પથ પર

# કાર્ય કરવા માટે સ્ત્રી-પુરુષના ગુણોનું સંતુલન જરૂરી

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



આપણે ક્યારે વિચાર્યું ન હતું કે મહિલાઓમાં જાગૃતિ આધ્યાત્મિક શક્તિ માટે જન્મી શકે છે. આજના યુગમાં મહિલાઓ શિક્ષિત અને આધુનિક જીવન શૈલીવાળી છે. આ નવો યુગ છે. જેમાં મહિલાઓ એવી જાગૃત થઈ જાય કે પુરુષપ્રધાન સમાજમાં પોતાની બરાબરીની હાજરી નોંધાવી શકે. આજે મહિલાઓની જવાબદારી વધી છે અને ભૂમિકા પણ મહત્ત્વપૂર્ણ છે. જો સૂચના, જ્ઞાનની સાથ મારામાં સમજ નથી કે એ જ્ઞાનનો પોતાના જીવનમાં કેવા પ્રકારે ઉપયોગ કરવો છે તો ભણતર શું કરી લેશે ? એવા ઘણા જ્વલંત દૃષ્ટાંત છે આપણી સામે છે કે શિક્ષાના સ્તરે છોકરીઓ હોંશિયાર છે પણ સમાજમાં એવી કેટલીક પરિસ્થિતિઓ છે જેનો તે સામનો નથી કરી શકતી અને હારી જાય છે. ક્યાંક ને ક્યાંક આધ્યાત્મિકતા ખલાસ થઈ ગઈ છે. જેના લીધે આપણે પોતાને પીડિત, અશક્ત, હીન અને ભયની લાગણીથી ઘેરાયેલા સમજીએ છીએ. આજે સમાજમાં જરૂર છે અંદરથી જાગૃત થવાની. આપણે આપણા શરીરની દીવાલને બાહ્ય રીતે ઉઠાવી શકીશું જ્યારે આપણો સ્વયં સંગમ થશે. આપણે સ્વયંના વાસ્તવિક સ્વરૂપને જોઈ શકીશું. સશક્તિકરણ એક શીખવાની પ્રક્રિયા છે. જેમાં આપણે આપણી અંદરની સમજ અને શક્તિઓમાં વધારો કરીએ છે. એવું કહેવાય છે પ્રેમમાં શક્તિ છે, ત્યાગમાં, સત્યતામાં, સદભાવનામાં શક્તિ છે. આ એમ્પાવરમેન્ટ આપણને પોતાની અંદરથી વિકસિત કરવું રહ્યું, આ આપણને ક્યાંયથી મળવાનું નથી. આનું સૌથી સારું ઉદાહરણ છે મહાલક્ષ્મી. તેમના ચાર હાથ નજરે પડે છે અને વિષ્ણુ દેવતા પણ. જે પ્રતીક છે સ્ત્રી અને પુરુષ બન્નેની શક્તિઓ અને ગુણોનાં સંતુલનનું. આ સંતુલનથી આપણે સમાજને શક્તિશાળી અને સુખદ બનાવી શકીશું. નારીનો અર્થ થાય છે ન+અરી. એટલે જેનો કોઈ શત્રુ નથી. આ ત્યારે જ સંભવ બની શકે છે જ્યારે આપણે આ શબ્દથી ઉપર ઊઠીશું. નારીને શિવમયી શક્તિ કહેવાય છે. નવદુર્ગા અને સરસ્વતીને જ્ઞાનની દેવી કહેવામાં આવે છે. તેમના શ્વેત વસ્ત્રો પારદર્શકતાના પ્રતીક છે. પારદર્શકતાનો આધાર છે પવિત્રતા. સાથે જ હંસની સવારી શક્તિની નિશાની છે. જ્યારે આપણે પોતાની સાથે આપણા દૈહિક ભાવથી ઉપર ઉઠીએ છીએ ત્યારે આપણે પોતાના લીડર બની જઈએ છીએ. ત્યારે આપણે સમાજ અને વિશ્વના પણ લીડર બની જતા હોઈએ છીએ. મા સરસ્વતીની હંસની સવારી આ જ વાતનું પ્રતીક છે. તેની સાથે જે મયુર છે તે સાદગી અને સુંદરતાનું પ્રતીક છે. આની સાથે જ લક્ષ્મીજીને ધનની દેવી કહેવામાં આવે છે. આ માત્ર સ્થૂળ ધનની વાત નથી પણ શક્તિ, ગુણ, જ્ઞાન વગેરેની વાતો છે જેને આપણે સમ્મિલિત કરી શકીએ અને પોતાના જીવનમાં ઉતારી શકીએ. મા દુર્ગા જેમણે જીવનને એક કિલ્લા સમાન બનાવ્યું. જેના જીવનમાં કોઈ બુરાઈનો પ્રભાવ રહ્યો નથી. એવા મા દુર્ગાની

(અનુસંધાન પેજ નં. 32 પર)

# આપણા સંકલ્પથી જ સૃષ્ટિની રચના થાય છે.

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



સંકલ્પ એ આપણા પુરુષાર્થની આધારશિલા છે. ઘણાં પુરાણાં શાસ્ત્રોમાં એક વાત લખેલી છે. शिवसंकल्पमस्तु બધો મંત્ર વાંચીને તેમ કહેવામાં આવે છે. આપણો કલ્યાણકારી સંકલ્પ હોય. આ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સૌથી મહાન દેણ કઈ છે ? હું કહીશ કે સંકલ્પનું મહત્વ. આપના સંકલ્પનું મહત્ત્વ શું છે ? એની તાકાત કઈ છે ? એની વિશેષતા કઈ છે ? આ સર્વ વાતો બાબા (પરમાત્મા શિવ) એ બતાવી છે. બાબાની આ વાતો બીજે ક્યાંય બતાવી નથી. બાબાની આ વાતો ઘણી અમૂલ્ય છે. જે આપને ક્યાંય જોવા નહીં મળે. બધો ઈતિહાસ આપ વાંચી જુઓ. સંકલ્પનું જે મહત્ત્વ બાબાએ બતાવ્યું છે તે કોઈએ બતાવ્યું નથી.

પહેલી વાત છે, બાબાએ કહ્યું છે સંકલ્પથી સૃષ્ટિ રચવામાં આવે છે. સંકલ્પ એટલો મોટો છે જેનાથી સૃષ્ટિની રચના થાય છે. સૃષ્ટિ ક્યાં અને સંકલ્પ ક્યાં. બાબા કહે છે વિચાર સંસારને બદલી દે છે. સંસાર વિચારો ઉપર ટકેલો છે. વિચાર જ સંસારનો પાયો છે. બાબા કહે છે કે આપના સંકલ્પથી જ સૃષ્ટિ રચાય છે. આપ અશુદ્ધ સંકલ્પ કરશો, તો અશુદ્ધ સૃષ્ટિ રચાશે. શુદ્ધ સંકલ્પ કરશો તો શુદ્ધ સંસાર રચાશે. તો આપ હલકા, નકારાત્મક વિચાર છોડશો કે નહીં છોડો ? આપ એવું સમજશો કે મારા સંકલ્પથી જ સારી યા ખરાબ, સુખમય યા દુઃખમય સૃષ્ટિ રચાશે તો આપે નિર્ણય કરવો પડશે કે કેવા સંકલ્પ કરવા જોઈએ. બાબાએ કહ્યું છે કે સર્વનો પાયો સંકલ્પ છે. આપ આ યાદ રાખશો તો પરિવર્તન આવશે. સંકલ્પમાં કઈ વાતોની શક્તિ છે ? પવિત્રતાની, જ્ઞાનની, યોગની, અષ્ટશક્તિઓની.

પહેલાં એ સમજો કે હું માસ્ટર રચયિતા છું. આપે બાબાની જીવનકહાણી સાંભળી હશે, વાંચી હશે. શિવબાબાએ બ્રહ્માબાબાને દૃશ્ય બતાવ્યું. બે તારાઓ ઉપર આકાશમાંથી આવ્યા અને દેવી-દેવતા બની ગયા. એના પછી બ્રહ્માબાબાને કહ્યું કે તારે આવી સૃષ્ટિ બનાવવાની છે. બ્રહ્માએ કહ્યું, એમણે એ તો જણાવ્યું નહીં કે કેવી સૃષ્ટિ બનાવવાની છે. ધીરે ધીરે શિવબાબાએ બધું બતાવ્યું. સંકલ્પથી સૃષ્ટિ રચાય છે. આપે જે સૃષ્ટિ રચવાની છે તે સંકલ્પથી રચવાની છે. તે માટે પહેલાં એ સમજો કે હું માસ્ટર રચયિતા છું. પોતાની પોઝીશનને સમજો. પોતાનો ગોલ (ધ્યેય) છે કે નવી સૃષ્ટિ રચવાની છે. આપનો પાર્ટ માસ્ટર રચયિતા બનવાનો છે. એ પાર્ટ અને લક્ષ્યને પૂરા કરવાનો ઉપાય કયો છે ? શક્તિશાળી સંકલ્પ અર્થાત્ યોગયુક્ત, પવિત્રતાયુક્ત સંકલ્પ આવા સંકલ્પથી સૃષ્ટિ રચવામાં આવે છે.

બીજું બાબાએ કહ્યું છે કે સંકલ્પ એ દિવાસળી છે. દિવાસળીની સળીને સળગાવીને ફેંકી દેવામાં આવે છે તો મોટી મોટી ઈમારતોને પણ સળગાવી દે છે. સંકલ્પરૂપી સળી, જે ચિનગારી છે એને સળગાવીને જૂના પુરાણા સંસ્કારોને દગ્ધ કરવાના છે.

બાબા કહે છે જેવું લક્ષ્ય તેવાં લક્ષણ. આપણું લક્ષ્ય ઊંચું હોય છે પણ લક્ષણ તેવાં હોતાં નથી.

લક્ષ્ય અને લક્ષણ વચ્ચેની ખાઈ છે તેને કઈ રીતે પૂરીએ ? એને જોડનારો પુલ છે સંકલ્પ. જ્યાં સુધી આપનો સંકલ્પરૂપી પુલ નહીં હોય તો મારે ખાઈને ભરવાની છે. લક્ષ્ય અને લક્ષણને જોડનારો પુલ છે બાપ સમાન બનવું. બાપને હંમેશાં સામે રાખો. પોતાના સંસ્કારોને બાપની સાથે ટેલી કરો. કર્મ કરતાં વિચારો કે બાપે આવું કર્મ કર્યું હતું ? જો હા હોય તો તે કરો.

બાબા કહે છે કે એ સંકલ્પ રહે કે હું બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) છું. તો શુદ્રોના સંકલ્પ મને આવી શકે નહીં. બ્રાહ્મણ કદી મ્લેચ્છોનું કામ કરતા નથી. લૌકિકમાં પણ જે શુદ્ધ બ્રાહ્મણ હોય તેને કહો કે તમે માંસ ખાઓ, તો તે શું કહેશે ? કેવી વાત કરો છો ? હું બ્રાહ્મણ છું. મ્લેચ્છ ભોજન ખાઈ શકું નહીં. આપણો એ સંકલ્પ હોય કે હું સાચો સાચો બ્રાહ્મણ છું. શુદ્ધિ, પવિત્રતા, સાત્ત્વિકતા, યોગ એ મારું બ્રાહ્મણત્વ છે, મારું કર્તવ્ય છે. આ રીતે આપ સંકલ્પ કરશો તો આપમાં શાલીનતા તથા દૈવી સંસ્કાર આવશે જેને બાબા રોયલ્ટી કહે છે.

બાબા કહે છે કે સંકલ્પ એટલા શક્તિશાળી હોય છે કે તે યોગમાં લગનનું રૂપ ધારણ કરે છે. સશક્તપ્રેમનું રૂપ લે છે. યોગ અગ્નિનું રૂપ લે છે. એનાથી બધાં વિકર્મો દગ્ધ થઈ જાય છે. પોતાના સંકલ્પને જો પ્રેમમાં લવલીન કરી દો, રોયલ કરી દો તો સંકલ્પ અગ્નિ બની જશે. સંકલ્પ દિવાસળીની સળી છે. સંકલ્પ અગ્નિ પણ છે. જો આપ ઈચ્છો છો કે આપનો યોગ શ્રેષ્ઠ કક્ષાનો હોય તો એના માટે સંકલ્પને પ્રેમથી ભરી દો. યોગમાં આપનો સંકલ્પ જ પ્રેમ સ્વરૂપ હોય.

બાબા કહે છે સંકલ્પ ટિકિટ છે. ફરિશ્તા બનવાની ટિકિટ કપાવી લો. આબુ આવવા માટે પોતપોતાનાં સ્ટેશનોથી ટિકિટ લેવી પડે છે. આપણે જવાનું છે અવ્યક્ત વતનમાં. અવ્યક્ત વતનમાં જવા માટે મારે ફરિશ્તા બનવાનું છે. આ છે સંકલ્પરૂપી યાત્રા પત્ર. હું ફરિશ્તા છું. મારે ફરિશ્તા બનવાનું છે.

બાબા કહે છે જે સંકલ્પ કરો છો તેને પૂરો કરો. વિચારો અને કરો. સંકલ્પ કરીને છોડી ના દેશો. કાલ માટે ટાળશો નહીં. અડધા મનથી વિચારો નહીં. જે પણ વિચારો છો તે પૂરા મનથી વિચારો. બાબા કહે છે સંકલ્પમાં પ્રેમ અને નિયમની સમતુલા હોવી જોઈએ. સ્નેહ અને શક્તિ, જ્ઞાન અને યોગનું બેલેન્સ રાખો. આ વાતોનું પાલન કરીશું, તો તીવ્ર પુરુષાર્થ કરી શકીશું.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 19નું અનુસંધાન)... દિપાવલી**

દ્વારા શ્રેષ્ઠ જીવન બનાવી સત્ય દીવાળી મનાવીએ. પ્રભુ પિતાની શ્રીમતને ધારણ કરવાનો શ્રેષ્ઠ પુરુષાર્થ કરીએ. કહેવત પણ છે કે પ્રારબ્ધ મોટું છે કે પુરુષાર્થ ? તો જવાબ મળે છે કે પહેલાં પુરુષાર્થ અને પુરુષાર્થના આધારે જ પ્રારબ્ધ બને છે. તો જેવું કર્મ તેવું ફળ. તો આજના કલિયુગી તમોપ્રધાન સંસ્કારોને પરમપિતા પરમાત્મા શિવની શ્રીમત એટલે કે ગીતા જ્ઞાનના આધારે અર્જુન બની જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ કરી નવા વર્ષ રૂપી આવનાર સતયુગી નવી દુનિયામાં હંમેશ માટે દીવાળીની જેમ જ સદા સુખ, શાંતિ સંપન્ન ઉજ્જવળ જીવનનો લહાવો લેવા આજથી રાજયોગનું જ્ઞાન લઈ શ્રીમતનું પાલન કરવાનો શ્રેષ્ઠ પુરુષાર્થ કરીએ.

**॥ ઓમશાંતિ ॥**

# બ્રહ્માકુમારીઝના મહામંત્રી રાજયોગી નિર્વૈરભાઈનો સંદેશ

રાજયોગી બ્રહ્માકુમાર નિર્વૈરભાઈ, મહામંત્રી, બ્રહ્માકુમારીઝ મુખ્યાલય, માઉન્ટ આબુ



રોજબરોજ ઓછો થતો વરસાદ ગ્લોબલ વોમીંગને કારણે મનુષ્ય જીવન ખતરામાં છે. આજે દરેક દેશવાસી પાણીની સમસ્યા સામે ઝઝૂમી રહ્યો છે. આજથી 25 વર્ષ પહેલાં વર્ષાઋતુમાં માત્ર 15 યા 20 દિવસનો વરસાદ વરસે છે. અને તે પણ અસમાન. ક્યાંક વધારે તો ક્યાંક ઓછો.

વરસાદ ઓછો થવાનું મુખ્ય કારણ વૃક્ષો ઓછાં વાવવાં તે છે. આપણે જોઈએ છીએ કે જ્યાં ગાઢ જંગલો અને વૃક્ષો વધારે હોય છે. ત્યાં વર્ષાઋતુમાં સૌથી વધારે વરસાદ થાય છે. આ વાતને ધ્યાનમાં રાખીને સમગ્રદેશમાં વૃક્ષો વાવીને એ મોટાં થાય ત્યાં સુધી પાલના કરવી જરૂરી છે. આપણી ધરતી હરિયાળીવાળી હશે તો સ્વર્ગ કહેવાશે. આ પ્રકૃતિ આપણને ફળ ફૂલ અને અનેક વનસ્પતિ ઔષધીઓ આપે છે. એનું ધ્યાન રાખવું એ આપણી જવાબદારી છે.

એક પ્રસિદ્ધ કહેવત છે ‘કલ્પના કરો કે જો વૃક્ષ વાઈફાઈ સિગ્નલ આપતાં હોત તો આપણે ઘણાં બધાં વૃક્ષો વાવીએ.’ એ કેટલા દુઃખની વાત છે કે આપણે ઔદ્યોગિક વિકાસથી ટેવાઈ ગયા છીએ. જેથી પર્યાવરણથી થતા નુકસાનને અનુભવી શકતા નથી. ઔદ્યોગિક વિકાસ માટે અનેક વૃક્ષોને કાપતાં પ્રકૃતિને નષ્ટ કરી રહ્યા છીએ. પ્રકૃતિથી સ્વયંને અલગ કરી રહ્યા છીએ.

જો આપણે જીવિત રહેવા ઈચ્છીએ છીએ તો અને સારો જીવન નિર્વાહ કરવા ઈચ્છીએ છીએ તો વધારે સંખ્યામાં વૃક્ષો વાવવાં જોઈએ. ઓક્સીજન લેવામાં અને કાર્બન ડાયોક્સાઈડ કાઢવા સિવાય વૃક્ષો પર્યાવરણને અન્ય હાનિકારક ગેસોનું અવશોષણ કરે છે જેનાથી હવા તાજી અને શુદ્ધ બને છે. જેનાથી વૃક્ષો હર્યાં ભર્યાં બનશે. વધારે ઓક્સીજન પેદા થશે અને વૃક્ષો ઝેરી ગેસોને અવશોષિત કરશે.

વૃક્ષારોપણનું આટલું મહત્ત્વ હોવા છતાં માત્ર ગણ્યા ગાંઠ્યા લોકો જ તેનું મહત્ત્વ સમજે છે. આવા લોકો વૃક્ષો વાવવાની પ્રતિજ્ઞા લે છે. બાકી કેટલાક લોકો તો એમના જીવનમાં એટલા તલ્લીન રહે છે તેઓ એ સમજતા નથી કે આપણે પર્યાપ્ત વૃક્ષો વિના જીવી શકીશું નહીં. આ એવો સમય છે જ્યારે આપણે વૃક્ષારોપણના મહત્ત્વને જાણીએ. એમાં આપણું યોગદાન આપીએ.

વૃક્ષારોપણનું સૌથી મહત્ત્વનું કાર્ય વનોની વૃદ્ધિ કરવાનું છે. પૃથ્વી પરની પરિસ્થિતિની સમતુલા જાળવવા વન ઘણાં મહત્ત્વપૂર્ણ છે. આપણા ગ્રહનો એક મોટો ભાગ જંગલોની સાથે ઢંકાઈ ગયો છે. ઔદ્યોગિક વિકાસ માટે જરૂરિયાત કરતાં વધુ વૃક્ષો કાપવામાં આવે છે. વૃક્ષો કપાઈ જતાં તેની ભરપાઈ કરવા આપણે અનેક વૃક્ષો વાવવાં પડશે. વૃક્ષારોપણ આ પ્રયોજનથી કરવામાં આવે છે. વૃક્ષારોપણની મદદથી વન ઝડપથી વધતાં જશે.

બ્રહ્માકુમારીઝ પરિવાર ઘણો મોટો છે. જો આપણા દરેક નગરનાં સેવાકેન્દ્ર 1000 વૃક્ષો વાવે, એને ઉછેરવાની પ્રતિજ્ઞા કરે, તો પર્યાવરણનું રક્ષણ થશે. તો આવો 1000 વૃક્ષો વાવવાની પ્રતિજ્ઞાને સાર્થક કરીએ. ॥ઓમશાંતિ॥

# પવિત્રતા જીવનનો શ્રૃંગાર છે.

બ્ર.કુ. રામલખન, શાંતિવન, આબુરોડ

પવિત્રતાને સુખશાંતિની જનની કહેવામાં આવે છે. સૌથી ઊંચી પવિત્રતા એ છે કે આપણે મન, વચન, કર્મથી કોઈને દુઃખ ના પહોંચાડીએ શુદ્ધ ખાનપાન, રહન-સહન પર તો મોટે ભાગે ધ્યાન રાખવામાં આવે છે પણ બ્રહ્મચર્યને જ ઉચ્ચતાનો આધાર માનવામાં આવે છે. દુર્બળ તન-મન દ્વારા આધ્યાત્મિક ઉન્નતિ અસંભવ જેવી લાગે છે. નબળા તનવાળા ઊંચી સાધનાઓ માટે હિંમત રાખી શકતા નથી. વિષય-વાસનાઓમાં લિપ્ત નર-નારીઓનું તેજ અને ઓજ ઘટતાં જાય છે. આવી આદતોમાં ડૂબેલા લોકો શરમને કારણે પોતાની ખામી-નબળાઈઓને પોતાના હિતેચ્છુઓ સમક્ષ સંભળાવી શકતા નથી. સંયમહીન વ્યક્તિ સમાજ માટે જ નહીં પરંતુ સ્વયં માટે કોઈ શ્રેષ્ઠ કાર્ય કરી શકતો નથી.

## બ્રહ્મચર્યથી બ્રહ્માનન્દ

લક્ષ્મણ-હનુમાન-ભીષ્મ વગેરે પૌરુષવાન લોકોની પવિત્રતાની ગાથાઓથી શાસ્ત્રો ભરેલાં છે. બ્રહ્મચર્ય પાલનથી ઊર્ધ્વમુખી બનીને મહાનતાની સાથે પ્રતિભાવાન અને સદ્ગુણવાન પણ બની શકાય છે. સમુન્નત મનોબળ તથા સદા ઉમંગ-ઉત્સાહ જાળવી રાખવા માટે પવિત્રતાનું દૃઢતાથી પાલન આવશ્યક છે. આજે ઉચિત માર્ગદર્શનના અભાવે દેશનો યુવાવર્ગ રસ્તો ભટકી ગયો છે. એટલે નિર્માણની સાથે વિધ્વંસમાં પણ પોતાના જીવનને જોડે છે. ભોગવાદી સંસ્કૃતિ એના બહુમુખી વિકાસને નિરુત્સાહી કરતી રહી છે. અશ્લીલ ચિત્રો-ચલચિત્રો, ઈન્ટરનેટ અને સાહિત્યમાં ડૂબીને તે નિયમ સંયમ અને નૈતિકતાથી વિમુખ થઈ રહ્યો છે. કિશોર વયથી જ વિલાસિતાની તરફ વધતા જવાથી એનામાં ત્યાગ અને બલિદાનની ભાવના લુપ્ત થતી જોવા મળે છે. આંતરિક ઉર્જા શક્તિને કામુકતામાં ગુમાવતા રહેવાથી દિવસે દિવસે એની બરબાદી વધતી જ રહે છે. સૌના પ્રત્યે પરમપૂજ્યની દૃષ્ટિ-વૃત્તિ રાખવાથી પવિત્રતાની યશ પતાકા ફરકાવનારા આત્માઓ સદા પરમાનન્દના સુખમાં મગન રહે છે.

## સુખશાંતિનો આધાર - પવિત્રતા

મન, વચન, કર્મ તથા તન-મન-ધન સંબંધથી પવિત્રતાની પાલના બ્રહ્મચર્ય છે. ઈન્દ્રિયોના ક્ષણિક સુખોમાંથી મન વાળી લેવાથી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થવા લાગે છે. દેહરૂપી નગરીમાં આત્મા શક્તિશાળી છે તો ત્યાં રોગ-શોક રૂપી શત્રુ આવી શકતો નથી. આ પરમબળ દ્વારા આળસ રૂપી મહાવેરીને પણ ભગાડી શકાય છે. બ્રહ્મચારી લોક જ મહાવીર બનીને પશ્ચાતાપથી બચી શકે છે.

## સંકલ્પોની સાથે સ્વપ્નોમાં પણ પવિત્રતા

શિવ અર્થાત્ સદા કલ્યાણી વૃત્તિવાળા. મનુષ્ય વિચારશીલ હોવાને કારણે પ્રાણી માત્રથી મહાન છે. જો માનવની સંકલ્પનાઓ હિતકારી-હકારાત્મક છે તો તે સૃષ્ટિના સર્જનહાર પ્રજાપિતા બ્રહ્મા અને પરમપિતા શિવની જેમ મંગલકારી હોવાને કારણે સ્વયં અને સંસારના કલ્યાણ માટે નિમિત્ત બની જાય છે. આવા આત્માઓની દિનચર્યા જ નહીં, સૂતી વખતે સ્વપ્ન પણ સોહામણાં પાવન હોય છે. ઓજમય શક્તિ જ વાણીમાં બળ, ચહેરા ઉપર તેજ, કાર્યોમાં ઉમંગ, ઉત્સાહ અને વ્યક્તિત્વમાં ચુંબકત્વ લાવે છે. દૈહિક

સુખોની ક્ષણ પછી વ્યક્તિ મડદા જેવો બની જાય છે. અને પશ્ચાતાપ કરે છે. વિધાતાની સર્વોત્તમ રચના માનવ જો ઉત્થાનની સીડી પર ચઢવા ઈચ્છે છે તો સંકલ્પ જ નહીં સ્વપ્નમાં પણ પતન - પરાભવની તરફ ડગલાં માંડવાં ના જોઈએ. આળસુ બની ભોજન - મૈથુન કરતાં ભયભીત રહેવું એ તો પશુઓનું કામ છે. મુક્તિ - જીવન મુક્તિની ઊંચાઈઓ સુધી પહોંચનારા આત્માઓ જીવ-જંતુઓથી પણ ખરાબ કઈ રીતે હોઈ શકે છે? અતિ આધુનિકતા બતાવવાના ચક્કરમાં ખાવા-પીવા-સૂવા અને કામ વાસનાઓમાં ડૂબેલા રહેવાને કારણે લોકો ક્ષીણ-બળહીન બની રહ્યા છે.

### સંસ્કાર બદલવાથી જ સતયુગ

ભોગવાદી સિદ્ધાંતો દ્વારા શ્રેષ્ઠ વિશ્વનાં સ્વપ્નો જોવાં એ કાચના મહેલ સમાન છે. ભારતીયતા માનવનું દૈવી સ્વરૂપ રચીને ધરતી પર સ્વર્ગ ઉતારવા ઈચ્છી રહી છે. અહીંના 'પ્રાણીમાત્રનું કલ્યાણ થાય' વાળા સિદ્ધાંતો અને પવિત્ર-યોગી જીવનથી જ સૌ વિશ્વબંધુત્વની વૃત્તિ અપનાવશે. સંસ્કાર પરિવર્તનથી પરિવર્તિત વિચારોના આધારથી જ આપણે દુનિયામાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સમતુલા સ્થાયી રહે તે આપણે ઈચ્છીએ છીએ અહીં શ્રી હીન કરનારા તામસને સ્વીકારવામાં આવતો નથી. તન શીતળ, મન પાવન બનવાથી અહીં જ વિશ્વ મહારાજન આત્માઓનું સમગ્ર સંસાર પર એક છત્ર રાજ્ય ચાલતું હતું. તો આવો, ફરીથી દૈવી સ્વરાજ્યનો પાયો નાંખીએ.

### બ્રહ્મચર્યના આચરણ તથા શિવાચાર્યના ઉચ્ચારણ પર ચાલીએ

સ્વયંના સત્યસ્વરૂપને ઓળખીને, સ્વધર્મ, સ્વકર્મ, સ્વદેશ, સ્વપિતા, સ્વમાન અને સૃષ્ટિ રંગમંચ પર સ્વયંના અભિનયને જાણીને, ઉચ્ચ ધારણાઓની સાથે કર્મ સંબંધોમાં આવવું જ સાચા બ્રાહ્મણત્વને અપનાવવું છે. કઈ પરમશક્તિનું સંતાન છું. ઊંચથી ઊંચ પરમધામ પોતાના ઘરથી, આ ધરા પર વિશ્વકલ્યાણ જેવા મહાનતમ કાર્ય માટે જ હું આવ્યો છું. કલિયુગી ઉત્થાન પતનથી ડામાડોળ ન બનીને, ધીર-વીર-ગંભીર સત્ય આત્માઓ જ સૃષ્ટિનો શ્રૃંગાર બને છે. પરમાનન્દમાં મગ્ન રહેનાર આવા આત્માઓ વિષય-વિકારોની તુચ્છતાને સમજીને ભૂતળ પર રહેવા છતાં પણ મનથી બ્રહ્મલોકમાં વિચરણ કરતાં રહે છે. સીધા સાદા દેખાવા છતાં તેઓ અંદરથી માલામાલ દેખાય છે. સંબંધો પદાર્થો વચ્ચે રહેવા છતાં તેઓ અખંડ યોગી - તપસ્વીપણાને કારણે બ્રહ્માચારી કહેવાય છે.

બ્રહ્મચર્ય શ્રેષ્ઠ તપ અને વ્રતની સાથે સાથે ઉંચામાં ઊંચી સાધના પણ છે. જેના પાયા પર અધ્યાત્મનાં ખુશબૂદાર ફૂલ-ફળ અને હરિયાળી હોય છે. વાસનાઓ પાછળ ભાગનારને તો મૃગ મરીચિકા જ મળે છે જ્યારે આત્માના પરમપિતા પરમાત્માથી સહજ સંબંધો સ્થાપિત થવાથી આ ધરા જ વૈકુંઠધામ બની જાય છે. એટલે ભોગોની પાછળ ન ભાગીને, પવિત્ર અને રાજયોગી બનો. ઈશ્વરીય સંબંધોનું સર્વ સુખ લેતા રહો.

### આંતરિક ઉર્જાને ઊર્ધ્વગામી બનાવીએ

ભડકીલા જીવનથી અહંકારને પોષણ મળવાથી ઈન્દ્રિયોની ચંચળતા વધે છે. પવિત્ર સ્થાન પર, શાંતમનથી, પ્રીતિપૂર્વક યોગયુક્ત ભોજન સ્વીકારો. અધિક ખાઈ લેવું યા ભૂખ્યા રહેવું એ બંને હાનિકારક છે. તન, મન, ધનના વિકાસ માટે વ્યાયામ ઘણો જ જરૂરી છે.

(અનુસંધાન પેજ નં. 16 પર)

# સંઘર્ષનું દ્વાર - અહંકાર

બ્ર.કુ. સતીશ, માઉન્ટ આબુ

સંસારના સર્વધર્મગ્રંથોના ઉપદેશોનો સાર છે મિથ્યા અહંકારનો ત્યાગ કરીને ઈશ્વર પ્રત્યે સમર્પિત થઈ જવું. અહંકાર આપણને પરમાત્માથી દૂર કરીને પાપોમાં પ્રવૃત કરે છે. તે સંઘર્ષ, સમસ્યા, ભય, તનાવ સર્વ ઝંઝટોનાં દ્વાર ખોલે છે. અહંકારથી જ વ્યક્તિ તિરસ્કારને પાત્ર બને છે. સૌ જાણે છે કે અહંકારે મહાભારતને જન્મ આપ્યો. રાવણ, કંસ, શિશુપાલ, નેપોલિયન, હિટલર, સિકંદર જેવા લોકોના અહંકાર વિશે સૌ કોઈ જાણે છે. ગણત્રી લાંબી છે. અહંકારે જ સર્વને પતનની ખાણમાં પછાડ્યા છે. પરમ સત્તા, પરમાત્માને નહીં જાણીને મનુષ્ય નાદાન બનીને પોતાના અભિમાનમાં ડૂબીને હેરાન પરેશાન થાય છે.

અજ્ઞાનજનીત અહંકાર આપણને ઈશ્વરીય પ્રેમ, એની કરુણા, અસ્ખલિત વરસતા ઉપકારોનો આભાસ થવા દેતો નથી. હૃદયમાં વસેલી અભિમાનની કાલિમા એના સાથ તથા સહયોગની અનુભૂતિ થવા દેતી નથી. કૃતજ્ઞ બનવાને બદલે મનુષ્ય કૃતઘ્ન બનીને દિન રાત પાપોમાં મસ્ત અને વ્યસ્ત રહે છે. તેથી તો પાપ મૂળ અભિમાન કહેવામાં આવે છે.

## કૃતજ્ઞ બનો, કૃતઘ્ન નહીં

જ્યાં પવિત્રતા, પ્રેમ તથા આનંદનો પ્રાણવાયુ ના હોય એમાં જીવિત રહેવું અને અન્યને પણ જીવન આપવાનો પ્રયાસ કરવો એ શું પરમાત્માની કૃપા વિના શક્ય છે ? જો તેમ નથી તો અહંકાર શા માટે ? શા માટે આપણે અભિમાનના વાઘા ઓઢીને જૂઠ, છળ-કપટનો છદ્મવેશ ધારણ કરીને સ્વયં જ સ્વયંથી દૂર જઈ રહ્યા છીએ. કર્તા છે પરમાત્મા અને કરવાની પ્રતિષ્ઠાનું શ્રેય સ્વયં લઈ લે છે. અસફળતા મળતાં પરમાત્માને દોષ આપે છે અને સફળતા પર વિજયનો યશ પોતે સ્વયં લે છે. વાહ ! છે ને વિચિત્ર મનોવૃત્તિ. આ પ્રવૃત્તિમાં ચાલતાં સર્વનો સંબંધ પરમાત્મા સાથે જોડવાને બદલે સ્વયં સાથે જોડીને પાપનો અધિકારી બને છે.

## અહંકાર છે તનાવનું મુખ્ય કારણ

જોવામાં આવે તો મનુષ્ય દિવસ-રાત જે અભાવો, ચિંતાઓ, તનાવો તથા પરેશાનીઓના ચક્કરમાં ડૂબેલા છે એનું મૂળ કારણ છે જૂઠા અહંકારનો શિર પર બોજ. લોકલાજ, સામાજિક પ્રતિષ્ઠા, પારંપરિક રીતિ રિવાજ તથા પોતાના માનશાનને જાળવી રાખવા માટે, પોતાની પ્રતિષ્ઠા ઊંચી રાખવા માટે એને ઘણું બધું સહન કરવું પડે છે. તનાવનું મૂળ કારણ વ્યક્તિનો અહંકાર જ છે.

અમારા પડોશમાં એક બાબુજી રહેતા હતા. બુઝુર્ગ હોવા છતાં પણ એમને ગૃહસ્થીની દલદલમાં નખ શીખ ડૂબેલા જોવા મળતા હતા. એક દિવસ તેઓ પોતાનાં સંતાનોને લડી રહ્યા હતા - જુઓ તમે લોકો પોતાના પગ પર (સ્વાવલંબન) ઊભા રહેવાની કોશિશ નહીં કરો, તો ભૂખે મરી જશો. એક હું છું કે જે લોહી - પરસેવો એક કરીને તમને સૌને પાળી રહ્યો છું. બાળકો મસ્તક નીચું રાખીને સાંભળી રહ્યા હતા. મેં બાબુજીને કહ્યું - કોઈ વાંધો નહીં. આપ ઉપર જઈને ત્યાંથી એમના માટે બોરીઓ ભરીને અનાજ મોકલતા રહેજો. આ સાંભળીને બાબુજી તથા બાળકો પણ હસી પડ્યાં.

એ રીતે એક વૃદ્ધ માતા બોલવા લાગી - ભૈયા, ઘરમાં હું જ બધું કામ કરું છું. જવાન પુત્રો

કંઈ કરતા જ નથી. એમના પિતા તો વધારે અપંગ થઈ ગયા. જો હું એક દિવસ ચાલી જાઉં તો ઘરનું શું થશે. હવે જુઓ, મનુષ્ય મિથ્યા દુનિયાભરનો બોજ લઈ રહ્યો છે. પોતાને હમેશાં જ અહીં રહેવાનું છે અને સૃષ્ટિનું સંચાલન કરવાનું છે તે તેનો ભ્રમ છે.

એ સાચું છે કે મનુષ્યે દરેક વયમાં વ્યસ્ત રહેવું જોઈએ ? ક્રિયાશીલતા જ જીવન છે પરંતુ એનો અર્થ એ નથી કે પોતાની જૂઠી મહત્તા જાળવી રાખવા માટે જરૂરી - બીન જરૂરી બધાં કામોનો બોજ લઈને જીવવું. આપણે કેટલાં મહત્ત્વપૂર્ણ છીએ જ્યારે પણ પુરુષાર્થની વાત થાય છે તો કર્તાપણું આગળ આવે છે. જેટલો કર્તાપણાનો ભાવ જન્મે છે તેટલો અહંકાર વધે છે. અહંકાર કરવો એના કરતાં કંઈ ના કરવું તે સારું છે. કારણ કે અહંકાર આપણને પરમાત્માથી દૂર લઈ જાય છે. પોતાના સાથીઓ, સહકાર્યકરોના પણ સ્નેહપાત્ર બનવા દેતો નથી.

## દેહભાન તથા દેહ અભિમાન

સંસારનું આ સૌથી મોટું આશ્ચર્ય છે કે માનવ પાસે કંઈ પણ ના હોય પરંતુ અહંકારવશ હું સુંદર છું, હું બળવાન છું, હું સમજદાર છું, હું બુદ્ધિમાન છું. કહે છે આમ અહંકારનો તો કોઈ અંત નથી. કલા તથા વિશેષતાનું અભિમાન, પોતાના શિક્ષણ તથા સમજનું અભિમાન, પોતાની ધારણા, માન્યતા, વિચારોનું પણ અભિમાન હોય છે પણ સૌથી વધુ ખતરનાક હોય છે પોતાની બુદ્ધિનું અભિમાન. અધ્યાત્મપ્રધાન ભારતીય સંસ્કૃતિ દિવસે દિવસે દૈહિક સંસ્કૃતિની વિકૃત પક્કડમાં આવી રહી છે. હવે તો આપણી અનશ્વરતા, પરંપરા તથા ઉદાત્ત સંસ્કૃતિનો ભલે આપણે રાગ આલાપીએ પણ વિશ્વ બજારમાં જે પ્રકારનો દેહ વ્યાપાર થઈ રહ્યો છે બધાંની શ્રમ શક્તિ તથા ઉર્જા દેહને સજાવવા, શોભાયમાન કરવામાં કેન્દ્રિત છે. આ ચિંતનીય નહીં પણ નિંદનીય છે. સૌન્દર્ય સ્પર્ધાઓ દ્વારા અંગ પ્રદર્શન, શહેરો, નગરો, મહાનગરોમાં બિલાડીના ટોપની જેમ બ્યુટીપાર્લરો, હેલ્થ કેર સેન્ટરો, મીડિયામાં ફેશન પ્રદર્શન, ઉપભોક્તાવાદ, ભ્રષ્ટાચાર તથા અશ્લીલતાની વૃદ્ધિ છેવટે શું કરી રહી છે ?

દેહનું ભાન તથા અભિમાન જ સર્વવિકારોનું જન્મદાતા છે. વાસ્તવમાં કામ, ક્રોધ, લોભાદિ વિકારોમાં મુખ્ય તેજ છે દેહનું ભાન તથા અભિમાન. આજનાં ભયાનક વસ્તી વિસ્ફોટ, તમામ અસાધ્ય રોગો એડ્ઝ વગેરેના જનક તથા પોષક છે. ભ્રષ્ટાચાર, દુરાચારનું મૂળ છે. સ્ત્રી તથા પુરુષની દૈહિક દૃષ્ટિ કામ-વાસનાની વિષય - વૈતરણી વહાવી રહી છે. આત્મ નિશ્ચય વિના આ સમસ્યાને પાર કરવી સરળ નથી.

એ રીતે ધનનું અભિમાન જ વ્યક્તિના શિર પર ચઢીને બોલે છે. એ જાણે છે કે ધનની દેવી લક્ષ્મી તો ચંચળ છે, પળમાં શાહૂકાર, પળમાં ભિખારી બનાવનારી છે. છતાં પણ વ્યક્તિ ધન કમાવવા માટે પોતાના સ્વાસ્થ્ય સુખ, શાંતિ, ઈમાનદારી, ધર્મને તિલાંજલિ આપે છે. કોઈએ કહ્યું છે કે લોકો કેટલા મૂર્ખ છે, પૈસા કમાવવા માટે સ્વાસ્થ્યને બરબાદ કરે છે અને પછી સ્વાસ્થ્યને સારું બનાવવા માટે પૈસા બરબાદ કરે છે.

ક્યારે ક્યારે મનુષ્યને પોતાના દુર્ગુણોનો અને અજ્ઞાનતાવશ ખરાબ ટેવોનો અહંકાર આવે છે. તેઓ એટલા અજાણ હોય છે કે એને એ લાગતું જ નથી કે આ બુરાઈ છે. આધ્યાત્મિક માનવ પણ જે ત્યાગ-તપ-સંયમના રાહ ઉપર ચાલી રહ્યા છે અને સ્વયંને વધારે સમજદાર ગણાવે છે એમનું અભિમાન તો ક્યારેક મહોરાં પહેરેલું હોય છે. જેની ખબર પણ પડતી નથી પણ અંતે સ્પષ્ટ દેખાઈ દે છે. આવા લોકોને માટે ભાગે બુદ્ધિનો અહંકાર

હોય છે, જે ખતરનાક છે.

## બુદ્ધિનો અહંકાર શક્તિઓનો સંહાર કરે છે

બુદ્ધિના અહંકારવાળો કોઈની સલાહ ભલે તે ઉચિત હોય કે અનુચિત તે માનવા તૈયાર જ થતો નથી. તે પોતાને સત્ય સાબિત કરવા માટે મક્કમ હોય છે. એકરાર કરવાની શક્તિ નષ્ટ હોવાના કારણે અહંકારી બુદ્ધિવાળાનું પરિવર્તન થવાની આશા સમાપ્ત થઈ જાય છે. બુદ્ધિના અહંકારવાળો સ્વયં તો ઘણું બોલે છે પણ બીજાઓને બોલવાની તક આપતો નથી. તે કોઈની વાત સાંભળવા, સમજવા તથા માનવા માટે તૈયાર થતો નથી. ઈશ્વરીય મતમાં મનમત ભેળવવાને કારણે એની બુદ્ધિની દિવ્યતા નષ્ટ થઈ જાય છે. તેથી તે આસુરી બુદ્ધિવાળો બની નષ્ટ થવા લાગે છે. ઈશ્વરીય પરિવારનો પ્રેમ શું છે? તે બુદ્ધિનો અહંકારી મનુષ્ય અનુભવી શકતો નથી. અલૌકિક પ્રેમની પ્રાપ્તિથી તે વંચિત રહે છે. ઈશ્વરીય મહાવાક્યો અનુસાર 'બાળકો બનશો તો માયાથી સુરક્ષિત રહેશો.' આ વાત ભાગ્યે જ તે સમજી શકે છે. આવી વ્યક્તિ એકાગ્રતા, નિ:સંકલ્પતા, નિર્ભય તથા નિશ્ચિંત સ્થિતિથી દૂર રહે છે. એનું મન તથા જીવન દરરોજ નવાં નવાં ઝંઝટો રચે છે. કરોળિયાની જાળની જેમ તે ફસાઈ જાય છે.

એક સૌથી મોટું નુકસાન એને એ થાય છે કે બુદ્ધિનું દર્પણ સ્પષ્ટ ના હોવાને કારણે તે સ્વયંની ખામીઓને જોઈ શકતો નથી. બુદ્ધિની લાઈન ક્લીયર ના હોવાને કારણે તે ઇશ્વરીય પ્રેરણાઓ, ઈશારાઓ અને શક્તિઓથી વંચિત રહી જાય છે. ફળસ્વરૂપ તે પરમાત્માની સહાયથી દૂર નિર્બળ, અસહાય જ રહે છે. તેથી અહંકાર મુક્ત બનીએ. સાક્ષી બનીને આત્મવિશ્લેષણ કરીએ. આત્માની શક્તિઓને સમજીએ. સાક્ષી બનીને આત્મદર્શન કરવું તેજ મુક્તિનો માર્ગ છે.

**॥ ઓમશાંતિ ॥**

(પેજ નં. 13નું અનુસંધાન)... પવિત્રતા જીવનનો

## જેના સાથી છે ભગવાન

પતિત વિચારોને ચેતનામાં આવવા દેશો નહીં. પરમ પિતા શિવને જ સાચા સાથી બનાવવાથી, દિવ્ય ચિંતનને કારણે દૈવી સ્વરૂપ ધારણ કરતા રહેશો. સર્વશક્તિવાન સાથી છે તો અવશ્ય જ લોકો સાથી - સહયોગી બનશે. જેમને એમનો સાથ અને હાથ મળી ગયો તેઓ અવશ્ય સફળતાને પામશે. દરેક નારીનો શિવશક્તિ મા બહેનના રૂપે સ્વીકાર કરતાં નમન કરતા રહીએ તો દૈવી ભૂમિના વાસી, શ્રેષ્ઠ દેવપદના અધિકારી બની જશો. દેવી દેવતાઓની પૂજા વંદના થાય છે એમની પવિત્રતા અને દિવ્યતાથી. તેથી જ્ઞાનયોગ અને રાજયોગથી સુખદાયી રાજપદનો સંપૂર્ણ અધિકાર લો. કલિયુગના અંતિમ ચરણમાં પરમાત્મા સ્વયં આવીને પવિત્રતા-સુખ-શાંતિ-આનંદનો ઈશ્વરીય જન્મસિદ્ધ અધિકાર આપી રહ્યા છે. જેનું આંતરિક સ્વરૂપ પવિત્ર હશે તે શ્રૃંગારીમૂર્ત બનીને વિશ્વનો ઉદ્ધાર કરી શકશે. એટલે અત્યારથી જ દૃષ્ટિ-વૃત્તિ-સ્મૃતિ અને વાયુમંડળને પવિત્ર બનાવી સાચા મર્યાદા પુરુષોત્તમ બનો.

**॥ ઓમશાંતિ ॥**

# દિવાળી અને આત્મખોજ

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

વર્તમાન સમયે આ સંસારમાં કોઈ પણ વ્યક્તિ એવી નહીં હોય કે જે તન, મન, ધનથી સંપૂર્ણ સંતુષ્ટ હોય તથા સુખ શાંતિ સંપન્ન હોય. કારણ કે રાતદિવસ ફેલાતું કલહ કલેશમય વાતાવરણ, છળકપટ, પાખંડ, આડંબરથી ભરેલું માનવનું મન, પારસ્પરિક વેર, વિરોધ, નિંદા, કટુતા, ઘૃણા તથા અહમ્ અને વહેમથી ભરમાયેલું માનવ હૃદય, તું તું મેં મેં ના ભાવથી ઉદ્ભવિત થતા લડાઈ ઝઘડાઓથી ભરેલું વાતાવરણ, સ્વાર્થની ખાતર ભાઈભાઈનું મોત, લૂંટમાર, તોફાનો, હડતાળો, પડતાળોથી ઘેરાયેલું જીવન, દીન દુ:ખી, રોગી, અનાથ પ્રત્યે રહેમભાવ વગરની દૃષ્ટિ તેમજ ધર્મભ્રષ્ટ, કર્મભ્રષ્ટ આસુરી લક્ષણોથી ભરપૂર, દુર્વ્યસનોથી ચકચૂર, વિષયવાસનાઓથી વીંટળાયેલ માનવ આત્માને જોઈ મન શું પોકારી રહ્યું છે ?

ઘર આંગણે દિવાળીના દીપકો તો પ્રગટ્યા પરંતુ અજ્ઞાનની અંધકારમય અમાવસની રાત્રિ તો ગઈ નહીં. દુકાનો, મકાનો, મેડા મહોલ્લાની ભીંતો કાચા પાકા રંગોથી રંગાઈ ગઈ પરંતુ સત્યતા, સ્વચ્છતા, પવિત્રતાના પ્રકાશનો રંગ મન ઉપર ન ચડ્યાથી ઈશ્વરીય સત્ય પ્રેમનાં રંગમાં મન ન રંગાયું. મેવા, મિઠાઈ ખાઈપીને અલ્પસમય માટે મુખ મીઠું કર્યું. પરંતુ જીવનમાં શ્રેષ્ઠ ગુણો કે જે નમ્રતા, સહનશીલતા, ધૈર્ય, વગેરે ગુણો દ્વારા મન મીઠું ન થવાથી વિકારોની કડવાશ ગઈ નહીં. વસ્ત્રાભૂષણથી સુસજ્જિત થઈ દેહને અતિ આકર્ષક બનાવી દીધો, પરંતુ દિવ્યજ્ઞાનના સાચા શણગારો સજીને આત્માને શ્યામથી સુંદર ન બનાવ્યો. ખૂબ ફટાકડાઓ ફોડી મનોરંજન કર્યું, પરંતુ જન્મ જન્માંતરનાં બોજરૂપ રહેલા પાપ કર્મોના ફટાકડા ફોડવામાં વિલંબ કરી રહ્યાં છે. અરે દિવાળી મુબારક, સાલ મુબારક ! કહીને પરસ્પર શુભ વધાઈઓ આપી પરંતુ આત્મિક દીપકમાં પરમપિતા પરમાત્મા શિવ દ્વારા મળેલ ગીતાજ્ઞાનરૂપી ઘૃત ન નાખવાથી દિવાળી મુબારકને બદલે દેવાળુ મુબારક થઈ ગયું. અને અંતે નવા વર્ષે જૂના વર્ષના ખાતાઓ ચૂક્તે કરવા છતાં જૂના અશુદ્ધ વિચારો, વિકલ્પો તથા વિકર્મોનાં ખાતાઓ નવા વર્ષમાં ચાલુ જ રહ્યાં. આ બધું જોઈને વિચાર આવે છે કે આ તે કેવી દિવાળી?

દિવાળીના પર્વ નિમિત્તે ઉપરોક્ત પરિસ્થિતિ જોઈ તેના હલ માટેનો યથાર્થ માર્ગ શોધવાની તૃષા, જિજ્ઞાષા વિચારશીલ આત્માઓને થાય તે સ્વાભાવિક છે. પરમપિતા શિવ પરમાત્મા ઉપરોક્ત સમસ્યાઓના સમાધાનનો રાહ પણ બતાવે છે. તેથી દિવાળી ગઈ, પણ નવું વર્ષ નવી આશાઓ લઈને આવ્યું છે. તો આજના નૂતનવર્ષે નવયુગનો નવસંદેશ આપતાં અતિહર્ષ થાય છે કે સદા જાગતી જ્યોત પરમાત્મા શિવ ગીતાજ્ઞાન દાતા, દિવ્ય ભાગ્યવિધાતા સદા વરદાતા, પ્રજાપિતા બ્રહ્માના માધ્યમ દ્વારા અલૌકિક જ્ઞાનશીખ આપીને કહી રહ્યા છે કે હે આત્માઓ ! અજ્ઞાનતાનો ઘોર અંધકાર નષ્ટ કરવા બુદ્ધિરૂપી કોડિયામાં આત્મીય સ્મૃતિરૂપી વાટ પ્રગટાવો, એને અટલ, અખંડ રાખવા ઈશ્વરીય જ્ઞાનનું ઘૃત કાયમ નાખતા રહો. દિવ્યગુણોરૂપી શણગાર સજી અવિનાશી ખુશીના ખજાનાથી મન, વચન, કર્મને નવચેતન સભર બનાવો. સત્ય, પ્રેમ, અહિંસા

(અનુસંધાન પેજ નં. 32 પર)

# દીપાવલી આધ્યાત્મિક રહસ્ય

બ્ર.કુ. બાલુભાઈ લેસ્ટર,

દીપાવલીને ભારતવર્ષમાં ઘણો જ મહત્વનો તહેવાર માનવામાં આવે છે. હર ભારતવાસી દુનિયાના કોઈપણ ભાગમાં હોવા છતાં ધામધૂમથી ઉજવે છે. સાથે સાથે પ્રશ્ન થાય છે કે ધામધૂમથી ઉજવાતા આ તહેવારમાં પ્રગટાવવામાં આવતા દીપકો, લક્ષ્મીનું આવાહ્ન કરવા માટે કરવામાં આવતી ઘરની સફાઈ, ચોપડા પૂજન, પુરાણા હિસાબ કિતાબની સમાપ્તિ, નવા ચોપડાની શરૂઆત, દરરોજ નવાં વસ્ત્રો ધારણ કરવાં, આભૂષણોનો શણગાર કરવો, ફટાકડા ફોડવા, ભોજનમાં પણ વિવિધ પ્રકારની વાનગી પરંતુ મીઠાનું જ મહત્ત્વ કેમ ? આ બધું કરવાનું કારણ શું? જરૂર કોઈ કારણ છે ત્યારે તો નાના મોટા, ગરીબ યા તવંગર દરેક યથા શક્તિ દીપાવલી ઉજવે છે.

દિવાળીનું વાસ્તવિક રહસ્ય ઘણું જ ગુહ્ય છે. સામાન્ય રીતે તો એવી માન્યતા પ્રચલિત છે કે રામ જ્યારે રાવણને હરાવીને ઘેર પાછા આવે છે ત્યારે રાવણ ઉપરની જીત મેળવ્યાની ખુશીમાં દિવાળી ઉજવાય છે. પરંતુ વિચાર કરવા જેવી વસ્તુ એ છે કે લક્ષ્મીનું આવાહ્ન કરવામાં કેમ આવે છે ? સીતાનું કેમ નહીં ? બીજી વિચિત્ર વસ્તુ એ છે કે લક્ષ્મીનું વાહન ઘૂવડ બતાવે છે અને દિવાળીમાં દીપક પ્રગટાવવાનો ખાસ મહિમા છે. તો ઘૂવડ તો અજવાળામાં કાંઈ જોઈ ન શકે તો લક્ષ્મી પણ કેવી રીતે આવે ? તો કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે જે કાંઈ કરીએ છીએ તેનું કોઈપણ રહસ્ય જાણતા નથી. એકે કર્યું બીજાએ કર્યું એમ કરતાં કરતાં રિવાજ પડી જાય છે. તેમ કોઈને પૂછો તો કહેશે 'સાપ ગયા અને લીસોટા રહ્યા'. પરંતુ સાપ ગયા હશે ત્યારે લીસોટા પડ્યા હશે ને? એટલે કે સાપ ગયા જરૂર હશે. તો દિવાળીનું પણ વાસ્તવિક રહસ્ય છે કે જે અત્યારે રિવાજ પડી ગયો છે અને ચાલ્યા કરે છે.

## દિવાળીનું આધ્યાત્મિક રહસ્ય

રામ કોઈ ત્રેતાવાળા રામ નહીં પરંતુ પરમપિતા પરમાત્મા શિવ અત્યારે સંગમયુગ એટલે કે કળિયુગના અંત અને સતયુગની આદિ કે જેને પુરુષોત્તમ સંગમયુગ એટલે કે પુરુષોમાં ઉત્તમ બનવાનો સમય કહેવાય છે ત્યારે વૃદ્ધ સાધારણ અનુભવી તનનો આધાર લઈ દિવ્ય અવતરણ કરે છે. એ વૃદ્ધ શરીરને પ્રજાપિતા બ્રહ્મા નામ આપે છે. એ બ્રહ્માના મુખ કમલ દ્વારા સૃષ્ટિના આદિ મધ્ય અને અંતનું જ્ઞાન આપી રાજયોગ શીખવે છે. સમગ્ર સૃષ્ટિ ઉપર પાંચ વિકાર રૂપી રાવણનું રાજ્ય છે. કળિયુગ એટલે કલહ કંકાસનો યુગ. તો પરમપિતા પરમાત્મા કળિયુગના અંતે આવીને સમજાવે છે કે હે મારાં પ્યારાં બાળકો ! મને જાગતી જ્યોત કહેવામાં આવે છે. હું કળિયુગના અંતે સૃષ્ટિ ઉપર દિવ્ય અવતરણ કરીને તમારા આત્માઓની જ્યોત જગાવું છું કે હકીકતમાં તમે આત્માઓ છો કોણ ? આત્મા અને પરમાત્માનો સંબંધ શું છે ? આત્મા અને પરમાત્મામાં ભેદ શું છે ? તે સમજાવું છું એટલે તમારા આત્માને દિવ્ય જ્ઞાન રૂપી પ્રકાશ મળે છે જેની યાદમાં દીપક પ્રગટાવવામાં આવે છે.

લક્ષ્મી એ તો સતયુગની મહારાણી છે. કળિયુગ પછી સતયુગ આવે છે તો લક્ષ્મીનું આવાહ્ન એટલે સત્ યુગનું આવાહન. તો લક્ષ્મીનું

આવાહન કરવા માટે આપણે બાહ્ય સફાઈ કરીએ છીએ. ઘરની સાફસૂફી રંગ રોગાન વગેરે. પરંતુ મનમંદિરની અંદર ગંદકી છે. તે જ્ઞાનરૂપી પાણીથી સાફ કરવાની છે. બાહ્ય સફાઈ નહીં. પરમપિતા શિવ પરમાત્મા કહે છે કે તમારા આત્મામાં પાંચ વિકારો રૂપી મેલ ચઢ્યો છે. તો તમારા આત્મા રૂપી ઘરમાંથી પાંચ વિકાર રૂપી મેલ કાઢી મનને સ્વચ્છ બનાવવાનું છે. તો મનમનાભવના મંત્રથી આ મેલ કાઢી દિવ્યગુણો રૂપી આભૂષણોથી આત્માને સજાવો. તો સાચે સાચ સ્વર્ગ એટલે કે સતયુગ એટલે કે શ્રી લક્ષ્મીનું આવાહ્‌ન થયું ગણાશે. તેને માટે આસુરી ગુણો કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર રૂપી રાવણનો નાશ કરી દિવ્યગુણો, હર્ષિતમુખતા, પવિત્રતા, સંતુષ્ટતા, અંતર્મુખતા, સહનશીલતાને જીવનમાં ધારણ કરો. તો ખુદ લક્ષ્મી સ્વરૂપ બની જશો.

## ચોપડાનું પૂજન કેમ ?

પરમાત્મા કોઈ કાગળના ચોપડાની વાત નથી કરતા. પરમાત્મા તો કહે છે કે હે બાળકો ! જેમ જેમ તમે પતિત બનતા ગયા તેમ તેમ તમારા સત્કર્મોનું દેવાળું નીકળી ગયું. તો પુરુષોત્તમ સંગમયુગ રૂપી દીવાળીમાં તમારા કર્મોના હિસાબ કિતાબ તપાસો. ભૂતકાળમાં કરેલા વિકર્મો પરમાત્માની યાદથી ભસ્મ કરો અને સત્કર્મો જમા કરવા માટે દિવ્યગુણો રૂપી અલંકારો ધારણ કરો. દિવ્યશક્તિઓ રૂપી અલંકારોથી સુશોભિત બનો. ઉચ્ચ ચરિત્ર જ માનવ જીવનની સુંદરતા છે, સાચો શણગાર છે, જીવનનું સાચું ઘડતર છે.

ભોજનમાં મીઠાઈનું મહત્ત્વ એટલા માટે છે કે મીઠાઈ જેવા મીઠા બનો, એકબીજા પ્રત્યે શુદ્ધ સ્નેહ કેળવો, કેમ કે આપણે બધા એક જ ભગવાન પિતાના બાળક છીએ.

દીવાળીમાં ખાસ મહત્ત્વ ફટાકડાનું છે. દીવાળી જ્યારે નજીક આવવાની થાય ત્યારે જ ફટાકડા બને અને દીવાળીની મધ્યરાત્રિ સુધી ફૂટે. પરંતુ બેસતા વર્ષને દિવસે વહેલી સવારથી શાંત થઈ જાય. એ ફટાકડા છે આજના આ બોમ્બ. જે પહેલાં ન હતા. કળિયુગના અંતે બન્યા છે. જે સિધ્ધ કરે છે કે નવું વર્ષ એટલે કે સતયુગ શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણનું રાજ્ય પરમપિતા પરમાત્મા દ્વારા અપાયેલા જ્ઞાન અને રાજયોગના શિક્ષણના ફળ સ્વરૂપ નજીક આવી રહ્યું છે.

દીવાળીના તહેવારને ખાલી સમજ્યા સિવાય અને કરવા ખાતર જ કરવામાં આવતી ઉજવણીમાં જો આટલો આનંદ આવતો હોય તો તેને વિધિપૂર્વક અપનાવવાથી સદાનો આનંદ થઈ જાય.

દીવાળીની ભીતરમાં રહેલા ગુહ્યાર્થને સમજી સ્વયંને જાગૃત કરી, પ્રકાશિત કરી, સમગ્ર વિશ્વને પ્રકાશપૂર્ણ બનાવી દઈએ. ચારિત્રની સ્વચ્છતા, સુઘડતા અપનાવીએ. શ્રેષ્ઠ સંસ્કારોના અલંકારો સજી શ્રી લક્ષ્મી, શ્રી નારાયણ જેવા દેવત્વને પ્રાપ્ત કરીએ. અંતરના વિશુદ્ધ સ્નેહની સાંકળે સમગ્ર વિશ્વને જોડી એકમેકના સહયોગથી સતયુગી વિશ્વને ફરીથી સાકાર રૂપમાં લાવીએ.

આ છે દીવાળીના તહેવારનું સાચું મહત્ત્વ. તો આવા શ્રેષ્ઠ પાવન પર્વનું મહત્ત્વ સમજી, શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણ જેવા શ્રેષ્ઠ વાસ્તવિક જીવનને પ્રાપ્ત કરાવવા માટે પરમપિતા પરમાત્મા અત્યારે દિવ્યજ્ઞાન અને રાજયોગનું શિક્ષણ આપી રહ્યા છે. તેને યથાર્થ રીતે ધારણ કરીએ તો હવે સતયુગી ચૈતન્ય શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણની દુનિયા નજીકના ભવિષ્યમાં જ આવી રહી છે. અને આ કળિયુગી દુ:ખી સંસાર જઈ રહ્યો છે. તો આવો આપણે સૌ આ સત્ય જ્ઞાન અને પરમાત્માની યાદ

**(અનુસંધાન પેજ નં. 10 પર)**

# કર્માતીત અવસ્થા

## બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

પરમપિતા પરમાત્મા ભગવાન શિવ પરમધામથી સાકારી દુનિયામાં આવી ગયા છે. બ્રહ્મા બાબાનો રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞ ચલાવી રહ્યા છે. બ્રહ્મા મુખ દ્વારા જ્ઞાન આપી. બ્રહ્મામુખ વંશાવલી બ્રાહ્મણો દ્વારા વિશ્વ પરિવર્તનનું કાર્ય કરાવી રહ્યા છે. કલિયુગી પતિત દુનિયાની સાફસફાઈ કરી સ્વર્ણિમ સતયુગી વિશ્વની સ્થાપના કરાવી રહ્યા છે. આ વિશાળ કામ શિવસંતાનો કરી રહ્યા છે. બાબાનું લક્ષ્ય સ્વર્ણિમ સતયુગી દુનિયામાં ઉચ્ચ પદો પર બિરાજમાન થઈ શકે એવા આત્માઓને તૈયાર કરવાનું છે. સતયુગી વિશ્વમાં રાજામહારાજા જેવા ઉચ્ચ પદો પર બિરાજતા આત્માઓ કેવા સજ્જ હશે ? એવા સજ્જ થયેલા આત્માઓ પાસે કેવી કેવી સિદ્ધિઓ હશે ? પ્રાપ્તિઓ હશે ? સિદ્ધિસ્વરૂપ બનેલા આત્માઓના કર્મના હિસાબો કેવા હશે ? આત્માઓની સ્થિતિ કેવી હશે ? બાબાનો એક જ ટૂંકો જવાબ હશે કર્માતીત અવસ્થા.

બાબા રોજ રોજ મુરલીઓમાં બ્રાહ્મણ આત્માઓને કહે છે - મામેકમ્ યાદ હશે. નિરન્તર યોગ અવસ્થામાં રહો. કર્મયોગી બનો. દૈવી ગુણ ધારણ કરો. યજ્ઞ સેવા કરો. કર્માતીત બનો. સમય થોડો જ રહ્યો છે, તેથી પુરુષાર્થનો સમય તો ગયો તીવ્ર પુરુષાર્થનો જ સમય બાકી રહ્યો છે. બાબાએ છેલ્લી મુરલીઓમાં અનેકવાર કહ્યું છે કે - નવા વિકર્મો તો ન જ થવા જોઈએ, જૂના વિકર્મો મારી યાદ અને યોગથી ભસ્મ કરી દો, વિકર્માજીત બનો કર્માતીત બનો. જે આત્માઓ બાબાની યાદ, યોગ, જ્ઞાન ધારણા અને યજ્ઞ સેવાથી પરિપક્વ બન્યા હશે તેમની આત્મીય સ્થિતિ ઉચ્ચ કક્ષાની હશે. આત્માઓ એવી સ્થિતિએ પહોંચ્યા હશે કે તેમના દ્વારા કોઈ જ વિકર્મ નહીં થાય. તેમનું જ્ઞાન એટલું ઉચ્ચ કક્ષાનું હશે કે તેમના જીવનમાં આચરણ, વાણી, વ્યવહાર, સંબંધ, સંપર્ક કે સેવા દ્વારા કોઈ જ વિકર્મ નહીં થાય. એવા આત્માઓ કર્માતીત અવસ્થાએ પહોંચી ગયા હશે. પરમધામથી સ્વર્ણિમ સતયુગી દુનિયામાં પ્રથમ તબક્કે જનારા આત્માઓએ કર્માતીત અવસ્થા પ્રાપ્ત કરી લીધી હશે. સતકર્મો કરી ભૂતકાળમાં ભંડારી ન્યારા બની, યાદોમાંથી ડિલિટ કરી પ્રભુ પ્યારા બન્યા હશે.

### કર્માતીત અવસ્થા ક્યારે પ્રાપ્ત થાય ?

(૧) હદની દુનિયામાં રહી મારા મારાના દેહભાનથી મુક્ત થનાર આત્માની સ્થિતિ કર્માતીત સ્થિતિ કહેવાય. (૨) પાછલા જન્મોના કર્મોના હિસાબ-કિતાબ કે વર્તમાન બ્રાહ્મણ જીવનમાં પુરુષાર્થની કમજોરીના કારણે કોઈપણ વ્યર્થ સ્વભાવ સંસ્કારના વશ બનવામાંથી મુક્ત બનનાર આત્મા કર્માતીત બને. (૩) લૌકિક જીવનમાં કર્મ અને સંબંધ તથા અલૌકિક જીવનમાં કર્મ અને સંબંધમાં આવતા સ્વાર્થ ભાવથી મુક્ત બનનાર આત્મા કર્માતીત બને. (૪) સંગઠનની કે પ્રકૃતિની સેવા કરવાની પરિસ્થિતિમાં સ્વસ્થિતિ અહંકારવશ, પોતાની શ્રેષ્ઠ સ્થિતિને ડગમગ કરાવે તો તે બંધન (અહંકાર)મુક્ત સ્થિતિ નથી આવા બંધનથી મુક્ત થનાર આત્મા કર્માતીત અવસ્થા પ્રાપ્ત કરે. (૫) જૂની દુનિયાના જૂના શરીરમાં આવેલ વ્યાધિ (રોગ) આત્માની શ્રેષ્ઠ સ્થિતિને હલચલમાં લાવે તો તેનાથી મુક્ત થનાર આત્મા કર્માતીત અવસ્થા પ્રાપ્ત કરે. (૬) શરીરમાં

રોગ આવવો. પાછલા કર્મોનું ભાવિ છે. પરંતુ શ્રેષ્ઠ સ્થિતિમાં હલચલ આવે તો તે બંધનયુક્ત નિશાની છે. તેનાથી મુક્ત થનાર આત્મા કર્માતીત બને. (૭) શરીરની વ્યાધિનું ચિંતન કરવાને બદલે આત્મા સ્વચિંતન કરે, જ્ઞાન ચિંતન કરે અને અન્ય માટે શુભચિંતક બને એ પણ કર્માતીત અવસ્થા છે. (૮) કર્મયોગી બની, કર્મના બંધનથી સદા ન્યારા અને પ્રભુ પ્યારા બનનાર આત્મા કર્માતીત બને. (૯) કર્માતીતનો અર્થ એ નથી કે કર્મથી અલિપ્ત બની જાઓ, પરંતુ કર્મથી ન્યારા નહીં કર્મના બંધનથી ન્યારા બનો. એવા આત્મા કર્માતીત બને. (૧૦) સામેનો આત્મા જૂનો હિસાબ કિતાબ ચુક્તું કરવા આવે, સામનો કરવો પડે, શરીરના કર્મભોગનો સામનો કરવો પડે પરંતુ 'હદ'ની કામનાથી મુક્ત રહેનાર આત્મા કર્માતીત બની શકે. (૧૧) જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કર્મેન્દ્રિયો સાથે કર્મક્ષેત્ર પર પાત્ર ભજવવું જ પડશે. કર્મ વગર આત્મા એક સેકન્ડ પણ અલિપ્ત રહી શકશે નહીં, પરંતુ કર્મ કરવા છતાં કર્મના બંધનથી મુક્ત રહેનાર આત્મા કર્માતીત અવસ્થા મેળવે છે. (૧૨) કર્મેન્દ્રિયો દ્વારા કર્મના સંબંધમાં આવનાર પરંતુ કર્મના બંધનમાં નહીં આવનાર આત્માની સ્થિતિ કર્માતીત છે. (૧૩) કર્માતીત એટલે કર્મેન્દ્રિયોને વશ થનાર આત્મા નહીં પરંતુ આત્મા માલિક બની કર્મેન્દ્રિયો પાસે સત્તાની શક્તિથી કર્મેન્દ્રિયો સાથે સંબંધમાં આવી, વિનાશી કામનાથી ન્યારા બની, કર્મેન્દ્રિયો પાસે કર્મ કરાવે તે આત્માની સ્થિતિ કર્માતીત અવસ્થા છે. (૧૪) આત્મા કર્મેન્દ્રિયોનો માલિક છે. આત્મા કર્મેન્દ્રિયોને આધીન (તાબે) ન થાય, પરંતુ અધિકારી બનીને કર્મેન્દ્રિયો પાસે કર્મ કરાવે તે આત્માની સ્થિતિ કર્માતીત છે. (૧૫) જે આત્મા સંબંધમાં આવે પરંતુ બંધનમાં ન આવે તે આત્માની સ્થિતિ કર્માતીત છે. (૧૬) દેહ, દેહના સંબંધ દેહના સંબંધીઓના સંબંધ, પદાર્થ, ચીજ, લૌકિક કે અલૌકિક - બંધનોથી ન્યારો રહેનાર આત્મા કર્માતીત છે. (૧૭) કર્મ સંબંધ અને કર્મ બંધનના રહસ્યને જાણનાર આત્મા દરેક વાતમાં ખુશ રહે - થયું તે સારું, થાય છે તે સારું અને જે થશે તે સારું જ થશે, એવું સમજનાર, માનનાર આત્મા કર્માતીત કહેવાય. (૧૮) પાછલા જન્મોના કર્મોના હિસાબકિતાબના ફળસ્વરૂપે તનનો રોગ હોય, મનના સંસ્કાર અન્ય આત્માઓ પ્રત્યે ટકરાવમાં આવતા હોય તો પણ ન્યારા બને તે આત્માની સ્થિતિ કર્માતીત અવસ્થા છે. (૧૯) કર્મયોગી બની કર્મભોગ ચૂક્ત કરનારની સ્થિતિ પણ કર્માતીત છે. (૨૦) કર્મયોગથી કર્મભોગને હસતાં હસતાં, શૂળીમાંથી કાંટો બનાવી ભસ્મ કરનાર - કર્મભોગને સમાપ્ત કરનારી સ્થિતિ કર્માતીત છે. (૨૧) કર્મયોગની સ્થિતિથી કર્મભોગને પરિવર્તન કરી દેનાર આત્માની સ્થિતિ કર્માતીત છે. (૨૨) વ્યર્થ સંકલ્પો જ કર્મબંધનની સૂક્ષ્મ રસ્સી (દોરડાં) છે. વ્યર્થ સંકલ્પોથી મુક્ત થનાર આત્માની અવસ્થા કર્માતીત અવસ્થા છે. (૨૩) કર્માતીત અવસ્થાવાળો આત્મા બૂરામાં પણ ભલાનો અનુભવ કરવાવાળો હશે. થાય છે તે સારું ડ્રામા પણ સારો, હું પણ સારો, બાબા પણ સારા, એવું માનનાર આત્મા કર્માતીત બને. (૨૪) શુભ સંકલ્પો બંધનને કાપવાની કાતરનું કામ કરે છે. બંધન કપાઈ ગયાં તો કર્માતીત અવસ્થા આવી જ સમજો. (૨૫) ઈચ્છા માત્રમ અવિદ્યા - માનનાર, બનનાર આત્મા કર્માતીત બની જાય. (૨૬) હદની ઈચ્છાઓથી મુક્ત થયેલ આત્મા અન્ય આત્માઓની ઈચ્છાઓ પૂર્ણ કરનારો હશે - તેવા આત્માઓ કર્માતીત અવસ્થાવાળા હશે. (૨૭) બાબાના ખજાનાથી ભરપૂર થયેલા આત્માઓ

**(અનુસંધાન પેજ નં. 33 પર)**

# શુભ ભાવના જરૂર પૂરી થાય છે.

## બી.કે. મનીષા, ડેરી સેન્ટર, વડોદરા

પરમાત્માનું જ્ઞાન લીધા પછી, બ્રાહ્મણ જીવન અપનાવી બી.કે. બન્યા હશે. એવા ઘણા આત્માઓ હશે. જે પોતે જ્ઞાનમાં ચાલ્યા પછી પોતાનાં બાળકો અને પરિવાર પણ જ્ઞાનમાં ચાલે એવી આશા રાખતા હશે. એનાથી આગળ પણ ઘણી બધી અપેક્ષાઓ સેવતા હશે. કે રોજ મુરલી સાંભળે. પરમાત્માનું શિક્ષણ મેળવી પદને પ્રાપ્ત કરે. ભગવાનના વરદાની હાથથી અનેક વરદાન પ્રાપ્ત કરે. ભગવાનના અન્ય ખજાનાનો અધિકારી બને. ભગવાન દ્વારા પૂરો વારસો લઈ લે. પૂરા વારિસ બની જાય. બાબાની ગોદમાં બેસી જાય. એક બાબામાં જ પૂરો સંસાર દેખાય આવે અને બીજે ક્યાંય નજર ના જાય. દુનિયાને છોડી-ભૂલીને બાબાને સાથી બનાવી દે. દુનિયાની બધી ચીજ-વસ્તુથી મોહ કાઢીને એક બાબાને જ પ્રેમ કરે. દુનિયામાં સાજન-સજની સાથે લગ્ન નહીં કરે પણ પરમાત્માથી લગ્ન કરે. વિસ્તારમાં ન જાય. મારા તો એક શિવબાબા બસ આ જ સારમાં સમાઈ જાય. દરેક વાલીની ઈચ્છા આવી જ હશે. પણ બાળકોમાં ખાસ આવાં લક્ષણો જોવા ના મળે ત્યારે તે બાબતને વિચારતા થઈ જાય છે. કે શું થશે ? ઘણાં બાળકોને તો પરમાત્માના પરિચયની ઓળખ મળી ગઈ હોય છે. આટલું જ નહીં કોર્ષ પણ કરેલ હોય છે. વિશેષમાં આગળ ઘણાં સમય મુરલી પણ સાંભળેલ હોય છે. છતાં પણ બાબાથી પ્રેમ નથી. બાબાને એટલા યાદ પણ નથી કરતા કારણ કે, રંગબેરંગી દુનિયામાં આજના બાળકોને ભગવાનની એટલી કિંમત નથી. કારણ કે સમય અને સંજોગ પ્રમાણે દુનિયા પરિવર્તનશીલ થાય છે. તેની સાથે વ્યક્તિ પણ બદલાતી રહે છે. દુનિયાનું આકર્ષણ વ્યક્તિને સજ્જન બનવા નથી દેતું. બાળકોને મા-બાપની છત્રછાયા છે. એટલે કે સુખ છે. કોઈ વસ્તુનો અભાવ નથી. જરૂરિયાતથી વધારે મળી રહે છે. વગર માગ્યું મળે છે. મેળવવાની મહેનત નથી કરવી પડતી. કોઈ તકલીફ, કોઈ દુઃખ, કોઈ ટેન્શન, કોઈ જવાબદારીનો બોજ નથી તેથી ભગવાનની મદદની જરૂર પડતી નથી. વગર માંગે મદદ મળી જાય છે. તમામ કામ સરળતાથી થઈ જાય છે. દરેક જાતના સુખની સગવડ મળી રહે છે. પછી શું કામ ભગવાનને યાદ કરે. અને આજના યુવાવર્ગને આધ્યાત્મિકતાની ગરજ નથી. અને ખબર છે તો ટાઈમ નથી ને ટાઈમ છે તો ઈચ્છા નથી. (કરવું નથી.) બસ મોબાઈલમાં જ રચ્યા પચ્યા રહે છે. કારણ કે યાદ કરવાની જરૂર જણાતી નથી. જે દુનિયાના રંગમાં રંગાયેલો હોય તે પ્રભુના રંગમાં કઈ રીતે રંગાય ? જેના પર કોઈ રંગના લાગ્યો હોય તેના પર પ્રભુપ્રેમનો રંગ ચઢે. દરેક પ્રકારની સુખ-સુવિધાવાળા જીવનમાં ક્યારેય દુઃખનો અનુભવ ન થાય ત્યાં સુધી ભગવાનને યાદ ના કરે અને ભગવાનનો માર્ગ તો દુઃખમાંથી જ મળે છે. આજનો યુવાવર્ગ વ્યસન, ફેશન, વિકારો પાછળ દોડે છે. પણ ભગવાનની પાછળ નથી દોડતો ત્યારે આપણને થોડું દુઃખ થાય છે કે શું કરવું ? છેલ્લે ભાવિ (ડ્રામા) સમજી બેસી જઈશું. પ્રયત્ન પણ ચાલુ નહીં રાખીશું. વ્યક્તમાં (કહેવાથી) બાળકો નથી સાંભળતાં, નથી માનતાં, નથી કરતાં તો અવ્યક્ત માના મનસા દ્વારા બાબાને બતાવો કે બાબા શું કરું ? મારી કોશિષ ચાલુ છે. સફળતા દેખાતી નથી. પણ આ બાળક તો તમારું છે. ને પછી

હું શું કામ ચિંતા કરું ? જવાબદારી તો તમારી છે ને હું તો ફક્ત સેવાર્થ નિમિત્ત છું. (પાલના કરવા માટે) ભવ પાર ઉતારવાનું કામ તમારું છે.

'સગાઈ પછી જવાબદારી બાબાની' બાળકની એકવાર બાબા સાથે સગાઈ કરાવ્યા પછી જવાબદાર બાબા બની જશે. જેમ કે બાળકની સગાઈ થયા પછી એ કોઈની સાથે ફરતું હશે ને તો તેનો સંબંધ જેની સાથે કર્યો છે એને નહીં ગમે. કારણ કે એ હવે પોતાની છે. એવું સમજશે. આજ સુધી તો હરતાં ફરતાં કોઈ રોક-ટોક નથી કરતા. કારણ કે ત્યારે કોઈના બન્યા ન હતા. એવી જ રીતે જ્યાં સુધી બાળકની સગાઈ બાબા સાથે ન થાય ત્યાં સુધી બાળક આમ-તેમ ફરે તેની જવાબદારી બાબા નથી લેતા. કેમ કે પોતાનું નથી જ્યારે બાબાની સાથે સગાઈ (અર્થાત્ કોર્ષ કરી લે) પછી જવાબદારી બાબાની છે. આપણી નથી. બસ આપણે તો સદા શુભ ભાવના જ રાખવાની છે. બાબાના બની જાય. પણ જો બાબા સાથે સગાઈ પછી પણ બાળકમાં બાબા પ્રત્યે પ્રેમ ન દેખાય તો બાબાને દરેક વાર કહો. બાબા સગાઈ પછી પણ પ્રેમ, ને પ્રેમ પછી લગ્ન. લગ્ન પછી સુખ-શાંતિમય જીવન કરવાની છે. લવલેટર કે મોબાઈલ, મેસેજ તમારે મોકલવાના છે. લવલેટર (મુરલી) તમારે સંભળાવવાની છે. પ્રેમ આકર્ષણ ખેંચાણ આ બધી જાદુગરી કળા તમારે કરવાની છે. સારું જ્ઞાનરૂપી ભોજન ખવડાવવા - પીવડાવવા સારા ગુણોની ભેટ આપવી. મધુવન, સૂક્ષ્મવતન, પરમધામ વૈકુંઠમાં હરવા-ફરવા તમે જ લઈ જવાના છો. બધાની અનુભૂતિ તમારે જ કરાવવાની છે. સિનેમાઘરોમાં પિક્ચર દેખાડવું અર્થાત્ મ્યુઝિયમમાં પ્રદર્શનનાં ચિત્ર દ્વારા આકર્ષણ કરાવવાનું તમારું કામ છે. આ બધા ખેલ રચી, તમે જ આત્મારૂપી સજનીને તમારી તરફ ખેંચી શકશો. તમારા પ્રેમમાં પાગલ બનાવી દો. પછી જુઓ આત્મારૂપી સજની તમારી સાથે લગન કરી તમારી બને છે કે નહીં ? સગાઈ પછી આત્મા તમને યાદ નથી કરતો તો તમારો પ્રેમ કાચો છે. બાબા સાચે જ હું તો એવું માનું છું કારણ કે આત્મા સજની અજ્ઞાન છે. તમે તો જ્ઞાનના સાગર છો. બાબા આત્માને તમારી તરફ કેવી રીતે ખેચવો એ બધી કલાબાજી તમે જાણો છો. મેં પણ બંને બાળકોની સગાઈ બાબા સાથે કરી દીધી છે. લગનની જવાબદારી હવે બાબાની છે. હું પણ એવું જ ઈચ્છું છું કે બાળકોના લગન બાબા સાથે થાય પણ બાબા તો સામૂહિક લગન કરે છે, એક બે થી નહીં. એટલા માટે હું પણ ઈચ્છું છું કે બધાની શુભ આશા પરમાત્મા જરૂર પૂરી કરશે અને તેની સાથે મારી ઈચ્છા પણ પૂરી થઈ જશે. કારણ કે બાબા તો હોલસેલના વેપારી છે. તે પૂરા વિશ્વને જથ્થાબંધ માલ આપે છે. તો એક બે ગ્રાહકને એક બે કિલો માલ થોડા આપશે. તો મારી શુભકામના પોતાના માટે કે એક-બે માટે નથી. પૂરાં વિશ્વ માટે છે. વિશ્વના માલિક વિશ્વકલ્યાણનું કાર્ય કરે છે તો સાથે મારું પણ થઈ જશે તો શુભ ભાવના, શુભ કામના પોતાની, હદની નથી. બેહદની રાખો. પોતાની નહીં બધાની રાખો તો અવશ્ય પૂરી થશે. બાબા જરૂર પૂરી કરશે. આ મારી શુભ કામના છે.

**॥ ઓમશાંતિ ॥**

- **દૃષ્ટિને અલૌકિક, મનને શીતળ અને બુદ્ધિને રહેમદિલ બનાવો.**
- **બાપના સ્નેહની છત્રછાયામાં રહો તો કોઈપણ વિઘ્ન રહેશે નહીં.**
- **મનનું અલબેલાપણું સમાપ્ત કરવું છે તો સ્વચિંતનમાં રહેતાં સ્વનું ચેકીંગ કરો.**

# વિદેહી સ્થિતિ

બ્ર.કુ. મધુબેન, બાંટવા

રાજા જનક હતા. તેમને એક વાર મનમાં સંકલ્પ આવ્યો કે મને કોઈ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરાવી દે તેને હું એક હજાર ગાય દાન કરીશ. એમણે પૂરા રાજ્યમાં જાહેર કર્યું કે જે કોઈ મને ઘોડાની નાળ પકડી ઘોડા પર ચડતાં વાર લાગે એટલી વારમાં કોઈ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરાવી દે તેને હું એક હજાર ગાય દાન કરીશ. અને ત્યાર બાદ રાજા જનકના દરબારમાં મોટા મોટા જ્ઞાનીઓ, વિદ્વાન, સાધુ-સંતો, તપસ્વીઓની સભા ભરાઈ. બધાએ રાજા જનકને બ્રહ્મજ્ઞાન આપવા માટે પ્રયાસ કર્યા પણ રાજાને સંતોષ ન થયો. પછી રાજાએ કહ્યું કે જે મને બ્રહ્મજ્ઞાન આપશે એમને ગાયોની સાથે મારું રાજ સિંહાસન આપી દઈશ, બધા જ જ્ઞાની મહાપુરુષો એ ખૂબ મહેનત કરી પરંતુ રાજાને બ્રહ્મજ્ઞાનનો અનુભવ નહોતો થતો, ત્યારે એ જ્ઞાનીઓની સભામાં અષ્ટાવક્ર ઋષિ પધાર્યા. એમનાં આઠેય અંગ વાંકાં હતા. તેઓ લડખડાતા ચાલતા સભામાં આવ્યા. એમને જોઈ પૂરી સભા હસવા લાગી. ત્યારે અષ્ટાવક્ર ઋષિ બોલ્યા, હે રાજન, આ જ્ઞાનીઓની સભા નથી. આતો ચમારોની સભા હોય તેવું લાગે છે. કેમકે બધા મારા શરીરને ચામડીને જોઈને હસી રહ્યા છે. ત્યારે સભામાં એકદમ શાંતિ છવાઈ ગઈ. પછી અષ્ટાવક્ર ઋષિએ કહ્યું હે રાજન, તારે બ્રહ્મજ્ઞાન જોઈએ છે ને ? તો રાજા જનકે કહ્યું હા, જી, ત્યારે અષ્ટાવક્ર ઋષિએ કહ્યું કે મારી એક શરત છે. તારું રાજસિંહાસન, તારું રાજ્ય, તારો પરિવાર, ધન દોલત બધું જ મને અર્પણ કરવું પડે. રાજા જનકે કહ્યું ભલે. તો અષ્ટાવક્રએ કહ્યું રાજસિંહાસન છોડી દે. રાજા જનક ઉભા થયા પછી અને અષ્ટાવક્ર ઋષિ રાજસિંહાસન પર બેસી ગયા પછી રાજા જનકને કહ્યું તું જ્યાં બધાંના જોડાઓ ત્યાં છે ત્યાં બેસી જા. રાજા જનક ત્યાં જઈ બેસી ગયા. અષ્ટાવક્ર ઋષિએ કહ્યું તું તારા મનને સમજાવ કે આમાં મારું કાંઈ જ નથી, શાંત થઈ જા. રાજસિંહાસન ધન દોલત, રાજ પરિવાર રાજ્ય બધું ભૂલી જા, તે મને બધું અર્પણ કરી દીધું છે. રાજાએ બધું ભૂલવાનો પ્રયત્ન કર્યો પરંતુ રાજાનું મન રાણીમાં, પરિવારમાં જતું હતું. અષ્ટાવક્ર ઋષિ સમજી ગયા અને કહ્યું કે રાજન પરિવાર રાણી વગેરે પણ તારા નથી. બધામાંથી મન કાઢી નાખ. ધીરે ધીરે રાજાનું મન શાંત થયું. અને અષ્ટાવક્ર ઋષિએ રાજાને આંતરદૃષ્ટિ આપી. રાજા જનકનો આત્મા પરમ શાંતિની અનુભૂતિ કરવા લાગ્યો. રાજા જનકનો આત્મા દેહદુનિયાથી પાર સૂર્ય ચાંદ સિતારોથી પાર પરમધામની પરમશાંતિનો અનુભવ કરવા લાગ્યો અને પછી ધીરે ધીરે આ સાકાર સૃષ્ટિમાં દેહ દુનિયામાં આવી પરમશાંતિનો અનુભવ, બ્રહ્મજ્ઞાનનો અનુભવ થયો કે હું તો આ દેહથી ન્યારો એક ચેતન શક્તિ આત્મા છું. આત્મ અનુભૂતિ થઈ. દેહભાન મટી ગયું ત્યારે અષ્ટાવક્ર ઋષિએ કહ્યુ કે બસ હે રાજન તું દેહ નથી તું દેહથી ન્યારો એક આત્મા છે. અષ્ટાવક્રએ કહ્યું કે હે રાજન તે મને બધું અર્પણ કર્યું છે. હું તને નિમિત રાજસિંહાસન, રાજ્ય પરિવાર ધન દોલત સંભાળવા માટે પાછું આપું છું. સદા એવું સમજવાનું કે આ મારું નથી અને રાજા જનકે પૂરા જીવન દરમિયાન આત્મ અનુભૂતિમાં રહ્યા. દેહમાં રહેવા છતાં દેહથી ન્યારાપણાનો અનુભવ કર્યો અને વિદેહી કહેવાયા. તો આપણે પણ પોતાની જાતને

પ્રશ્ન પૂછીએ ખરેખર આ દેહમાં બિરાજમાન હું કોણ છું. આપણે સ્વયંને જોવાનો પ્રયત્ન જ નથી કર્યો. આપણે બીજાને જોઈએ તો શું જોઈએ છીએ. વ્યક્તિનો ચહેરો પહેરવેશ વગેરે જોઈએ છીએ. એ તો શારીરિક બાહ્ય સ્વરૂપ સ્થૂળ દેહને જોઈએ છીએ. ખરેખર આ દેહમાં બિરાજમાન દેહી અર્થાત આત્માને નથી જોતાં. વાસ્તવમાં આપણે એક ચેતન શક્તિ આત્મા છીએ.

આત્માનો સ્વધર્મ શાંતિ છે. પરંતુ આપણે શાંતિ બાહ્ય જગતમાં શોધીએ છીએ. શાંતિ દેહ દુનિયામાં વસ્તુ વૈભવમાં ધન સંપત્તિમાં નથી. આપણા અંતર આત્મામાં જ છુપાયેલી છે. સાચી શાંતિની અનુભૂતિ કરવા માટે દેહ દુનિયા વસ્તુ વૈભવ બધામાંથી મન-બુદ્ધિને જ્યાં સુધી નહીં હટાવીએ ત્યાં સુધી સાચી મનની શાંતિ નહીં મળે. મનની શાંતિ અર્થાત્ મનમાં સકારાત્મક વિચાર, શ્રેષ્ઠ વિચાર, ઈચ્છાઓથી મુક્ત, દરેક વાતમાં સંતુષ્ટ રહેવું, દરેક વાત પોઝીટીવ રીતે લઈએ, મનમાં સદા શુભ ભાવના શુભ કામના દરેક મનુષ્ય આત્મા પ્રતિ હોય. વ્યર્થ વાતોથી મુક્ત, નેગેટીવ વાતોથી મુક્ત. એકપણ વ્યર્થ સંકલ્પ ન ચાલે. શાંતિ બાહ્ય જગતમાંથી પ્રાપ્ત કરવાની વાત નથી. શાંતિ આત્માની સહજવૃત્તિ છે. જેવી રીતે પહાડનો નેચરલ ગુણ સ્થિરતા છે. ચંદ્રમાનો ગુણ શીતળતા છે. એ જ પ્રકારે આત્માની સહજવૃત્તિ છે શાંતિ. જેટલા જેટલા આપણે આત્માની ગહનતામાં જઈશું અંતર્મુખી બનીશું તો આપણને શાંતિની અનુભૂતિ થશે. સંકલ્પ કરો હું આત્મા શાંત સ્વરૂપ છું.

આંતરિક શાંતિથી ....

- ગમે તેવી સંકટ પરિસ્થિતિ હોય તેને સહજ પાર કરી શકીએ છીએ.
- આપણી અંદર એકાગ્રતા આવે છે.
- નિર્ણય શક્તિ વધે છે.
- આત્મસંયમ વધે છે.
- જીવનમાં શ્રેષ્ઠ લક્ષ સુધી પહોંચવાનો આધાર બને છે.
- રોગ મુક્ત બની શકીએ છીએ. તથા રોગ પ્રતિકાર શક્તિ વધે છે.

શાંતિના સ્વધર્મમાં સ્થિત થવાથી અનિંદ્રાનો રોગ ખત્મ થાય છે. વારે વારે સંકલ્પ કરો. હું આત્મા શાંત સ્વરૂપ છું. નિંદ્રા ન આવતી હોય 25 વાર લખો યા બોલો. હું શાંત સ્વરૂપ આત્મા છું. નિંદ્રા આવી જશે. જે આપણે વિચારીએ છીએ એ અંદર આત્મામાં જાય છે અને જે વિચારીએ બોલ બોલીએ છીએ તેની આત્માને અનુભૂતિ થાય છે. જ્યાં પવિત્રતા છે. જ્યાં સત્યતા છે. ત્યાં સુખ અને શાંતિ અવશ્ય મળે છે. શાંતિનો આધાર મન-વચન-કર્મની શુદ્ધતા છે. અગર મન શાંત થઈ જાય તો આપણા જીવનની અનેક સમસ્યાઓ ખતમ થઈ જશે, વ્યર્થ સંકલ્પ નહીં ચાલે, શ્વાસ શાંતિથી ચાલશે, આપણું સ્વાસ્થ્ય સારું રહેશે. વ્યવહાર લોકો સાથે સારો રહેશે. ક્રોધ નહીં આવે. તો રોજ એકાંતમાં બેસી સ્વયંને પાંચ સવાલ પૂછો.

- હું કોણ છું ?... હું એક ચેતન શક્તિ આત્મા છું. હું એક નિરાકાર આત્મા છું.
- મારો સ્વધર્મ શું છે ?... મારો આત્માનો સ્વધર્મ શાંતિ છે. હું શાંત સ્વરૂપ આત્મા છું.
- હું આત્મા ક્યાંથી આવ્યો છું ?... ક્યાં જવાનો છું. હું આત્મા શાંતિધામ પરમધામથી નિમિત પાર્ટ ભજવવા આવ્યો છું. હું આત્મા એક્ટર છું. આ શરીર રૂપી વસ્ત્ર ધારણ કરી પાર્ટ ભજવું છું. ફરી દેહ દુનિયા છોડી મારે પરમધામ જવાનું છે.

**(અનુસંધાન પેજ નં. 27 પર)**

# સત્ય અને સ્નેહ આપણો સંજીવની મંત્ર

## બ્ર.કુ. અનિલ, સુરત

શુક્રાચાર્યને સંજીવની મંત્રની સિદ્ધિ વરી હતી. એ વિશે આપણે જાણીએ છીએ પણ દરેક વ્યક્તિ પાસે સંજીવની મંત્ર છે - એ વાત આપણે જાણતા નથી. જિંદગી આપણા હાથમાં છે - જો આપણે જીવવા ઈચ્છતા હોઈએ તો ! બાકી શ્વાસ લેવા છતાં કેટલાક માણસો મૃતવત્ હોય છે તે આપણે જાણીએ છીએ.

સ્નેહ - આપણો સંજીવની મંત્ર છે. સ્નેહ જ આપણને જિવાડે છે અને અન્યને જિવાડવાની શક્તિ આપે છે. દુઃખની ક્ષણોમાં કોઈ આપણા અંતરને સ્પર્શ કરે તો ? આપણું દુઃખ મૃત્યુ પામે છે અને સુખનો જન્મ થાય છે. કોઈના આપત્તિના સમયે આપણે એના અંતરને સ્નેહથી ભીંજવીએ તો એની આપત્તિ ઓછી જરૂર થશે અને અણી ચૂક્યો સો વરસ જીવે - તે આવા અર્થમાં વધુ યોગ્ય લાગે છે.

મંત્ર - એવો શબ્દ સમૂહ છે જે કલ્યાણ માટે વપરાય છે જ્યાં સુધી અહંનું આવરણ દૂર થયું નથી, અપવિત્રતાનો અંધકાર ઓસર્યો નથી, ત્યાં સુધી કોઈ પણ મંત્રનું મૂલ્ય શબ્દસમૂહથી વિશેષ નથી. ઈસુના પ્રવચનમાં, મહમ્મદ પયગમ્બર સાહેબનાં વચનોમાં, બુદ્ધના આદેશમાં ને ગાંધીજીના ઉદ્‌બોધનમાં મંત્રબળ હતું. બળ વગર મંત્ર સંભવી શકે નહીં. ધ્યાન અને એકાગ્રતા વગર બળ એકત્ર કરી શકાય નહીં. સત્યના ગર્ભમાં પણ સંજીવની મંત્રનું બળ રહેલું છે - એ આપણે જાણતા હોવા છતાં સ્વીકારવા તૈયાર નથી હોતા. જન્મ વખતે આપણા શરીર અને મન પર કોઈ આવરણ નથી હોતું પણ સમયની સાથે સાથે અસત્યનું આવરણ આપણે ઓઢી લઈએ છીએ - કારણ કે આપણે એ ભ્રમમાં જીવવા ટેવાયેલા છીએ કે, 'અસત્ય જ જિંદગીનું સત્ય છે' એમાં જ આપણને જિવાડવાની શક્તિ છે. પણ આપણે થોડા સમય માટે પણ સત્યનો પ્રયોગ કરવા તૈયાર નથી.

સત્યતાની શક્તિ અને સ્નેહનું બળ જ સંજીવની મંત્ર બની રહે છે, જે માનવીને મહાન બનાવે છે. જીવનમંત્ર બની રહે છે. જેના સિદ્ધાંતોમાં સાત્વિકતા નથી તેની મનબુદ્ધિ સંજીવની મંત્રનો મર્મ સમજી શકતી નથી. મંત્ર એવી આર્ષવાણી છે કે જે અંતરને સ્પર્શ કર્યા વગર રહેતી નથી અને એવો માનવી સત્યતાની શક્તિ અને સ્નેહબળથી ભરપૂર અનુભવ કરતો રહે છે. અન્ય જીવાત્માઓને પણ એવો અનુભવ કરાવતો રહે છે.

જે માત્ર પોતાને માટે જીવે છે. જીવવા ઈચ્છે છે તેને સંજીવની મંત્રનો અધિકાર પ્રાપ્ત થતો નથી. પણ આપણે તો 'સ્વ'ના હિતાર્થે જ જીવવા ઈચ્છીએ છીએ, 'હું' અને 'મારું' એ શબ્દોથી આગળ જવાનું આપણને ગમતું નથી. કારણ કે આપણા મનની ક્ષિતિજ ઘણી સાંકડી છે. જ્યાં સુધી આપણી દૃષ્ટિમાં સત્યતા - સ્નેહની શક્તિ દ્વારા અન્યના સુખ - શાંતિને જોવા ઝંખે નહીં ત્યાં સુધી આપણે સંજીવની મંત્રની સિદ્ધિ પ્રાપ્ત કરી શકીએ નહીં. સુવર્ણ કે સંપત્તિ એ સંજીવની નથી. એ ભ્રાંતિ જરૂર ઉભી કરે છે. કોઈક ક્ષણે તો આપણને સત્ય માનવાનું મન થાય છે. સંપત્તિ તો આપણને કમજોર કરનારું ધીમું ઝેર છે. એ આપણને નિર્બળ બનાવે છે, ભયભીત બનાવે છે અને મૃત્યુથી હંમેશા ડરતા રાખે છે, સંજીવની તો મરેલાને પણ જિવાડવા માટે છે, જે જીવિત છે એને મારવા માટે

નહીં આમાંજ સત્ય અને સ્નેહસભર સંજીવની મંત્રનું સાચું રહસ્ય છુપાયેલું છે.

નિર્બળ માનવી મંત્રનો સર્જક કે વાહક બની શકતો નથી. એક કાળે શુક્રાચાર્ય જેવા ઋષિમુનિઓ મંત્રબળ ધરાવતા હતા. વર્તમાન સમયમાં સત્યતાની શક્તિ અને સ્નેહબળના સિદ્ધાંતપ્રિય પુરુષો એ બળ ધરાવે છે. જે વ્યક્તિનાં આદર્શ અને આચરણમાં એકવાક્યતા હોય છે તે જ વ્યક્તિના મન બુદ્ધિમાં મંત્ર શક્તિ હોય છે.

રામાયણમાં યુદ્ધના સમયે જ્યારે લક્ષ્મણજી મૂર્છિત થઈ જાય છે ત્યારે હનુમાનજીને રામચંદ્રજીએ મૂર્છિતમાંથી સુર્જિત કરવા માટે સંજીવની જડીબુટ્ટી લાવવા આદેશ કર્યો હતો. એ સંજીવની, હનુમાનજી જામ્બુવાનની સલાહથી હિમાલયમાંથી શોધી લાવ્યા હતા અને સંજીવનીથી લક્ષ્મણજી સુર્જિત થયા હતા અને યુદ્ધ કરવા ફરીથી તૈયાર થયા હતા. આમ સત્યતાની અને સ્નેહની શક્તિ દ્વારા જ સંજીવની જીવનમાં પ્રાણચેતના પણ ભરે છે જે વિજયી બનાવે છે.

પરમાત્મા જે સત્ય છે, સુંદર છે તે જ શિવ સ્વયંમ્ સર્વશક્તિમાન છે. જેની સાથે આપણે સૌ જીવાત્મા યોગબળ દ્વારા સંજીવની મંત્ર પ્રાપ્ત કરી શકીએ છીએ. 'મનમનાભવ'નો મહામંત્ર આપણે સદા યાદ રાખીએ અર્થાત્ ધારણ કરીએ તો આપણે પણ પરમાત્મા શિવ પાસેથી ઈશ્વરીય જ્ઞાન દૈવીગુણો અને પરમાત્મ શક્તિ જીવનમાં પ્રાપ્ત કરી શકીએ છીએ, અનુભવ કરી શકીએ છીએ.

મિત્રો, આપણે સત્યતાની શક્તિ અને સર્વપ્રતિ સ્નેહબળ દ્વારા સંજીવની મંત્રનો અનુભવ કરીએ અને મિત્ર મંડળ પરિવારને પણ એવો અનુભવ કરાવવા પ્રેરણા સ્રોત બનીએ એવી શુભ ભાવના સાથે, ..

**॥ ઓમશાંતિ ॥**

---

## (પેજ નં. 25નું અનુસંધાન)... વિદેહી સ્થિતિ

- મારે આત્માએ અહીં રહી શું કરવાનું છે અને શું નથી કરવાનું ?... મુજ આત્માએ આ સંસારમાં રહી આ દેહ દ્વારા શ્રેષ્ઠ કર્મો કરવાના છે. કોઈ પાપનું કામ નથી કરવાનું. મારે કોઈ પણ આત્માને મન-વચન-કર્મથી દુ:ખ નથી આપવું.
- મુજ આત્માનો સાચો સંબંધ કોની સાથે છે ? ... મારા આત્માનો સાચો સંબંધ પરમધામ નિવાસી સદાશિવ નિરાકાર પરમપિતા પરમાત્મા સાથે છે. તો પોતાના મનને શાંત કરી આત્મિક સ્વરૂપમાં સ્થિત થઈ મન બુદ્ધિનો તાર આ દેહ દુનિયાથી પાર પરમધામમાં લઈ જઈ જ્યાં ચારે તરફ લાલ સોનેરી પ્રકાશ છવાયેલો છે, જ્યાં ચારે તરફ શાંતિ શાંતિ છે, જ્યાં શાંતિના સાગર પરમાત્મા શિવ જ્યોતિ સ્વરૂપ છે. તેમની સાથે સર્વ સંબંધ જોડી તેના ગુણોનું ચિંતન કરીશું તો આપણા આત્મા રૂપી બેટરી ચાર્જ થશે. આત્મામાં શક્તિ ભરાતી જશે. મનની શાંતિ મળશે. એજ રાજયોગ અર્થાત મેડીટેશન છે. આ રીતે રોજ આપણે મેડીટેશન કરીશું તો અવશ્ય આપણને મનની શાંતિ મળશે. અને આપણે ઘર ગૃહસ્થમાં રહેવા છતાં દેહ અને દુનિયામાં રહેવા છતાં વિદેહી સ્થિતિનો અનુભવ કરી શકીશું.

**॥ ઓમશાંતિ ॥**

### દિવ્યદર્શન

# વિજયાદશમીનો સાચો મર્મ અધ્યાત્મની સાથે

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

વિજયા દશમી મનાવો, વિજયા દશમી મનાવો,
રાવણ કો તુમ ભસ્મ કરો,
ઔર રામ સરીકે મનાવો...

## દશેરાનો ભાવાર્થ

નવરાત્રિનું નવલું પર્વ નવ દિવસ સુધી મનાવ્યા પછી દશેરા કે વિજયાદશમીનો તહેવાર પણ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આસો સુદ દશમનો દશેરાનો દિવસ ગૃહપ્રવેશ, વાસ્તુપૂજન, નવીન દુકાનના ઉદ્ઘાટન, નવા વાહનોની ખરીદી કરી શુભ મૂર્હુત કરવાનું, અસ્ત્રો-શસ્ત્રોની પૂજા જેવા શુભ પ્રસંગો માટે શુકનવંતો દિવસ ગણાય છે. આ દિવસે શાસ્ત્રોની પૂજા થાય છે. ક્યાંક ઘોડાની દોડની સ્પર્ધાઓ યોજાય છે. મહત્વની ઘટના રૂપે રાવણનું પૂતળું બનાવી તેમાં ખૂબ બધા ફટાકડાઓ ભરી તે પૂતળાને સળગાવીને રાવણ મર્યાનો આનંદ મેળવવામાં આવે છે. દર વર્ષે રાવણનું પૂતળું થોડું વધુ મોટું બનાવતા જઈ તેની બાળવાનો એ અર્થ આપણે કરી શકીએ કે રાવણ તો હજુ જીવતો જ છે અને દિન પ્રતિદિન મોટો થતો જ જાય છે. રામાયણ ધર્મગ્રંથની કથા પ્રમાણે શ્રી રામે, દુશ્મન રાવણ સાથે યુદ્ધ કરી વિજય મેળવ્યો જેની યાદગારમાં વિજયાદશમીનો તહેવાર ઉજવાય છે.

ભારત એક અધ્યાત્મપ્રધાન દેશ પણ છે. તેમાં ઉજવવામાં આવતા દરેક પર્વોનું આધ્યાત્મિક મહત્ત્વ આજે ભૂલાતું જઈ રહ્યું છે. દશેરા કે વિજયાદશમીનું સાચું રહસ્ય સમજીએ તો દશેરા અર્થાત્ દશ હરા. 'દશહરા' અર્થાત્ 'દૈત્યને હણ્યા' એટલે કે દશ માથાવાળાનો વધ કર્યો. રાવણને દશ માથા બતાવાય છે અને શ્રીરામ ભગવાને આ દશ માથાવાળા દશાનન રાવણનો વધ કર્યો એટલે દશમીનો દિન વિજયાદશમી કહેવાય છે. તો રામ કોણ ? રાવણ કોણ ? રાવણના દશ શિરનું રહસ્ય છે ?

## રાવણ એટલે કોણ ?

રાવણનો અર્થ છે રડાવનાર. જે સૌ નર-નારીઓને રડાવીને દુઃખી કરે છે. મન, વચન, કર્મથી નાના કે મોટાને દુઃખી કરે છે. માનવીના દુઃખોનું મૂળ કારણ વિકારો છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર આ પાંચ વિકારો આપણામાં રહેલાં છે. રાવણ અર્થાત્ વિકારો. ગૃહસ્થી જીવન રૂપે ગાડાના બે પૈડામાં નર અને નારીનો સમાવેશ થાય છે. પાંચ વિકાર નરના અને પાંચ વિકાર નારીના મળીને કુલ દશ વિકારોના પ્રતીક તરીકે રાવણને દશ માથાં બતાવી 'દશાનન' નામ અપાયું છે. પ્રતિ વર્ષ વિકારોનો પ્રકોપ વધતો જ જાય છે. આજે તો ચારે કોર લોકોની વિકારી દૃષ્ટિ વૃત્તિ થતી જતી હોય સ્ત્રીઓ પર બળાત્કાર, છેડછાડની ઘટનાઓ પ્રકાશમાં આવતી જાય છે. ક્રોધની ભયંકર અગ્નિની જ્વાળાઓ ઘર ઘરમાં લાગી ગઈ છે. નાની અમથી વાતોમાં મગજનો પારો ગુમાવી દઈને મારામારી, અપશબ્દો, હિંસા, ખૂનામરકી કરવાના બનાવો દિવસેને દિવસે વધતા જ જાય છે. લોભનો તો કોઈ અંત જ નથી. રાતોરાત વગર મહેનતે અબજોપતિ થઈ જવાનાં સપનાઓ જોનારો વર્ગ વધી ગયો છે. જેથી લાંચ, રુશ્વત, ભેળસેળ, કાળાબજાર, જુગાર, છેતરપીંડી, સટ્ટો,

જુદા જુદા પ્રકારના કૌભાંડોની તો કોઈ સીમા રહી જ નથી. મોહ વિકારે તો માઝા જ મૂકી દીધી છે. મોહવશ પક્ષપાત (સગાવહાલાં) સગાવાદ, જ્ઞાતિવાદ, કોમવાદ પણ આજે નજરે દેખાય રહ્યો છે. રાગ-દ્વેષ પાપનું મૂળ છે. અહંકારનું તો પૂછવું જ શું ? સત્તાનું, પદનું, પોઝીશનનું, નામ-માન-શાનનું, રૂપનું, બળનું, બુદ્ધિનું, વૈભવ અને ધન સંપત્તિનું અભિમાન, પોતાની આવડત અને વિશેષતાઓનું સૂક્ષ્મ અભિમાન પણ આજે યત્ર તત્ર સર્વત્ર પ્રસરેલ છે. આમ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર જેવા વિકારો અર્થાત્ રાવણનું સામ્રાજ્ય વિશ્વવ્યાપી પ્રસરી ગયેલ છે. રાવણ સર્વવ્યાપક બની ગયો છે. મુસ્લિમ સંપ્રદાયના લોકો રાવણને શેતાન કહે છે. એક પંક્તિમાં કહેલ છે કે... 'ઘર ઘર લંકા, જન જન રાવણ, હાય ઇતને રામ કહાં સે લાઉં ?'

## રામ એટલે કોણ ?

સુપ્રસિદ્ધ ભક્ત સંતશ્રી શિરોમણી તુલસીદાસે પણ 4 પ્રકારના રામનું વર્ણન કરેલ છે.

● ઘટ-ઘટમાં રામ અર્થાત્ દેહમાં રહેનાર આત્માને રામ (આતમ રામ) કહેલ છે.

● સચરાચર રામ અર્થાત્ ચારે બાજુ વ્યાપ્ત પ્રકૃતિને રામ કહેલ છે.

● દશરથ-કૌશલ્યાના સુપુત્ર રઘુપતિ રાજા રામ. જે ત્રેતાયુગમાં થઈ ગયા.

● જગ સે ન્યારા રામ અર્થાત્ આ જગતથી ન્યારા રહેનાર પરમધામ નિવાસી રામ.

આ નિરાકાર રામ અર્થાત્ પતિત પાવન નિરાકાર જ્યોતિલિંગમ્ બ્રહ્માલોકવાસી પરમાત્મા શિવ છે. આ શિવ રામ તારણહાર છે અને વિષયસાગરમાંથી જીવનનૈયાને પાર લઈ જનાર છે. દક્ષિણ ભારતમાં આવેલ 'રામેશ્વરમ્'ની પૂજા શ્રીરામે કરેલી. અર્થાત્ સીતાના પતિ રામના પણ ઈષ્ટ પૂજનીય નિરાકાર રામ (નિરાકાર શિવપિતા પરમાત્મા) મુક્તિદાતા, જીવન મુક્તિદાતા, સદ્ગતિ દાતા, દુઃખહર્તા, સુખકર્તા છે. આ શિવ ભગવાન શિવશક્તિઓ અર્થાત્ દેવીઓના પણ પરમપિતા છે. તો સાચા રામ તો વિશ્વનિયંતા પરમપિતા નિરાકાર શિવ પરમાત્મા જ છે.

## લંકાનો સાચો અર્થ

લંકા એ દક્ષિણ ભારતના રામેશ્વરની પાસે અને નકશામાં ભારત દેશની નીચે દર્શાવેલ નાનકડા ટાપુનું નામ માત્ર નથી. આ સંસારરૂપી જે મહાદ્વીપ છે, જેની ચારે દિશાઓમાં વિસ્તરેલ સમુદ્રમાં પાણી છે તેના પાણીથી ચોતરફ ઘેરાયેલી પૃથ્વી છે. આ પૃથ્વીને જ લંકા કહી શકાય. જેમાં અત્યારે વિકારો અર્થાત્ રાવણનું સામ્રાજ્ય ફેલાયેલું છે. દશેરા સાચા અર્થમાં ત્યારે જ મનાવાય કે જ્યારે નર-નારીમાં વ્યાપ્ત દશ વિકારો હણાય અર્થાત્ દશાનન રાવણ ખલાસ થતાં, રામનો વિજય થાય ત્યારે સાચું રામરાજ્ય આવશે. મહાત્મા ગાંધીજીનું પણ એક સ્વપ્ન હતું કે રામરાજ્યની સ્થાપના થાય અર્થાત્ સદાચાર, સત્ય અને અહિંસાનું રાજ્ય બને. સાચી વિજયાદશમી ત્યારે ઉજવેલી સાર્થક થાય જ્યારે મનુષ્ય પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો મળી કુલ 10 ઈન્દ્રિયો પર વિજય મેળવાય આ વિજય કેવી રીતે મનાવાય ? વિકારો પર વિજય કોણ અપાવી શકે ?

## સાચી વિજયાદશમીનો યથાર્થ અર્થ

પ્રવર્તમાન સંગમયુગમાં નિરાકાર રામ અર્થાત્ પરમપિતા શિવ સૃષ્ટિ પર ગીતામાં આપેલ વાયદા પ્રમાણે અત્યારે અવતરણ કરી ચૂક્યા છે તેઓ ઈશ્વરીય જ્ઞાન તથા સહજ રાજયોગના શ્રેષ્ઠ

(અનુસંધાન પેજ નં. 33 પર)

# જીવનધ્યેય

બ્ર.કુ. કરમશીભાઈ, સુખશાંતિભવન, રાજયોગભવન, મણિનગર, અમદાવાદ.

જીવન એટલે જન્મ-મરણ વચ્ચેનો સમય-ગાળો કે વયમર્યાદા. ધ્યેય એટલે પ્રાપ્તિ અથવા સિદ્ધિ. આ અમૂલ્ય સમય સુખ-શાંતિ, પ્રેમ, પવિત્રતાસભર વ્યતીત થાય તેવી હરકોઈ માનવની મહેચ્છા હોય જ !! જેને પ્રાપ્ત કરવા ભિન્ન ભિન્ન યુક્તિઓ, પ્રયુક્તિઓ, પ્રયોગો, ઉપાયો કે ઘણીપળે પ્રપંચો પણ આજ દિન સુધી થતાં જ રહ્યા છે. જેમ કે રહેઠાણ, કાર્યાલય, કચેરી કે અન્ય સ્થાનો પર ઉમદા ચારિશ્ર્યવાન કે શૂરાતન સંપન્ન ચિત્રો રખાય છે. વળી ઘણીવાર પ્રવાસ, પર્યટન કે યાત્રા દ્વારા દર્શનની ભરમાર ભરપૂર રહે જ છે. તો ક્યારેક લક્ષ, પ્રતિજ્ઞા, વ્રત વગેરેના સહારા થકી પ્રાપ્તિની ઝંખના પણ રહ્યા જ કરે છે.

ઉક્ત પ્રાપ્તિ-પ્રવૃત્તિ પાછળનો મુખ્ય ઉદ્દેશ એ જ છે કે ચિત્રો દ્વારા શ્રેષ્ઠ ચારિશ્ર્ય ઘડતર થાય. દર્શન દ્વારા યથાર્થ જીવન અંગેનું માર્ગદર્શન મળે, પ્રતિજ્ઞા કે વ્રત થકી શ્રેષ્ઠ વર્તન થતાં જરૂરી વાયુમંડળ બને અથવા લક્ષના આધારે ઉમદા લક્ષણ પ્રાપ્ત થાય. ટૂંકમાં હેતુ, મુરાદ કે ધ્યેય સિદ્ધિ સંબંધ, ચોકસાઈ, એકાગ્રતા કે નિશાન અત્યંત અનિવાર્ય અવયવ આલેખી શકાય. આમ પણ આ સિધ્ધિ ફક્ત જીવનસૂત્ર કે મુદ્રાલેખ જ તો ! જેના પરિણામ સ્વરૂપ સુખ-શાંતિ, આનંદમય જીવન જીવી શકાય. પરંતુ યથાર્થ જીવનને જાણી તેને માણવું અત્યંત જરૂરી છે.

હવે જન્મ-મરણ બે પ્રક્રિયાને પામવા પ્રયત્ન કરીએ તો જન્મ, વ્યક્તિ કે વાતાવરણને સુખમય કે પ્રફુલ્લિત બનાવે જ છે. અરે ! કોઈ દંપતીને અથાહ ઉપાય કે ગતિ-વિધિ બાદ કે વૃધ્ધાવસ્થામાં પણ બાળક પ્રાપ્ત થાય તો તેને પારાવાર આનંદ થાય જ છે વળી વિપરીત વિચારીએ તો જ્યારે સગા, સંબંધી કે સ્વજન અથવા સ્નેહી વ્યક્તિ દેહત્યાગે ત્યારે વ્યક્તિ કે વાતાવરણ ગમગીન કે શોકયુક્ત બની જાય છે. આ સઘળી જગજાહેર જાણકારી છે જ. તેની વાસ્તવિકતા વિષે વિચારીએ તો ઉક્ત દર્શાવેલ બંને (જન્મ - મરણ) પ્રક્રિયાને યથાર્થ મૂલવીએ તો જ વાસ્તવિક જીવનની સમીપતા સાંપડી શકાય. અથવા સુખમય સંસાર સાધી શકાય.

સામાન્યતઃ કુદરતી રીતે વયોવૃદ્ધ થતાં, બાહ્ય કે આંતરિક શારીરિક અવયવો ધીરે ધીરે પોતાની કાર્યક્ષમતા ગુમાવી બેસે છે અંતે અન્ન, જળ અને શ્વાસને તિલાંજલિ મળતાં, આત્મા દેહ ત્યાગ કરતાં, તેને મૃત જાહેર કરવામાં આવે છે. ત્યારબાદ આ મૃતદેહનો જે તે સામાજિક રીત રસમ અનુસાર દહન, દફન કે અન્ય વિધિવત નિકાલ કરવામાં આવે છે. આ પ્રક્રિયાથી જે પાંચ તત્ત્વો (પૃથ્વી, જળ, આકાશ, વાયુ અને અગ્નિ)નું બનેલ શરીર જે તે તત્ત્વોમાં છૂટું પડી વાતાવરણમાં પોત-પોતાના મૂળસ્વરૂપ કે સ્થિતિમાં ભળી જાય છે.

હવે જન્મને જાણીએ તો સૌ પ્રથમ સ્ત્રી અને પુરૂષ બીજની થતી પુનરુત્પતિની પ્રજનનક્રિયાના ભાગરૂપે પાંચ તત્ત્વોનો પીંડ તૈયાર થાય છે જેને સામાન્ય રીતે ભૃણ કહેવામાં આવે છે આ ભૃણને સમયાંતરે (આશરે બે થી અઢી માસ) જરૂરી વિકાસ થતાં તેમાં ચેતના પ્રવેશે છે. આ ગર્ભને માતાના ઉદરમાં લાલન-પાલન મળતાં તે વિકાસ પામી સગર્ભાવસ્થા પરિપક્વ થતાં યથાર્થ સમયે

પ્રસૂતિથી બાળક જન્મે છે. આમ આ અવની પર તેના નવજીવનની શુભ શરૂઆત થાય છે હવે હાલ આ નવા જન્મેલા બાળકને પોતાનું સ્વસ્થ શરીર હોવા છતાં પણ તે બોલ, ચાલ કે અન્ય ક્રિયાથી વંચિત જ હોય છે જેથી ફલિત થાય છે કે બાળકના અવયવો યથાર્થ રીતે છેલ્લે જ વિકસીત થઈ, કાર્યરત બને છે અર્થાત્ તેનો યોગ્યવયે તે સંપૂર્ણ વિકસીતથી કાર્યરત બને છે જ !!

ટૂંકમાં, મૃત્યુના કિસ્સામાં પ્રથમ તબક્કે શારીરિક અવયવોની કાર્યશક્તિ ક્ષીણ થાય છે, બીજા તબક્કામાં ચેતના-આત્માની અનઉપસ્થિતિ સર્જાય છે એટલે કે આત્મા જડ-શરીરને ત્યાગી દે છે. ત્યારબાદ છેલ્લે પાંચ તત્ત્વોનું બનેલ શરીર, દફન, દહન કે અન્ય વિધિવત છૂટા પડી પોત-પોતાના અસલી સ્વરૂપ સાથેની પરિસ્થિતિમાં સમાવિષ્ટ પામે છે. જ્યારે તેનાથી ઉલ્ટુ, જન્મ પ્રક્રિયામાં પ્રથમ પાંચ તત્ત્વોનું પીંડ તૈયાર થાય છે ત્યારબાદ જ ચેતના (આત્મા)ની તેમાં પ્રવેશતા થાય છે અને છેલ્લે અવયવો વિકાસ પામે છે જ્યારે તેનાથી વિપરીત પરિસ્થિતિ મૃત્યુના કિસ્સામાં સર્જાય છે જેમ કે પ્રથમ અવયવો બંધ થાય છે બાદ આત્મા શરીર ત્યાગે છે અને છેલ્લે પાંચ તત્ત્વો છૂટા પડે છે.

આમ આ કુદરતી ક્રમ પ્રાણ (આત્મા), પ્રકૃતિ (તત્ત્વો) અને પરમાત્મા (પરમચેતના)ના સમન્વયથી ચાલતો અવિનાશી ખેલ છે. જેથી જીવન માટે બંને (આત્મા અને શરીર)ની અત્યંત આવશ્યકતા રહે જ છે. એટલે એક-બીજા વિના કાર્ય કે જીવન પણ સંભવ નથી જ. આ તો ફક્ત ને ફક્ત રૂપાંતર પામતી પ્રક્રિયા જ છે. અલબત્ત, આત્મા, પરમાત્મા અને પ્રકૃતિ-તત્ત્વો અવિનાશી જ છે. ખરેખર કોઈ જન્મતું પણ નથી કે મરતું પણ નથી. જેથી આ બાબતો હર્ષ કે શોક અસ્થાને જ લેખી શકાય ખરું ને !!

હવે આ ચૈતન્યશક્તિ આત્મા અને સર્વશક્તિવાન પરમપિતા પરમાત્મા શિવ જડ અથવા તત્વ તો નથી જ. પરંતુ તે અતિ સૂક્ષ્મતાતીત જ્યોર્તિબિંદુ જ છે. જે યંત્ર, તંત્ર કે મંત્ર થકી પણ જોઈ શકાતો નથી જ. સામાન્યતઃ મનુષ્ય-આત્મા અંત સુધી 84 જન્મો લે છે. પરિણામે તેનું કર્મફળ અથવા તો હિસાબ-કિતાબ બંધાય છે. એટલે જ કહેવાય છે 'કરણી તેવી ભરણી' 'કરે તેવું પામે', 'વાવે તેવું લણો' વગેરે વગેરે... એટલે કે આત્મા ક્રમશઃ સતો, રજો, તમો સ્થિતિમાં આવે જ છે. એટલે કે પાવન દેવતા મટી, પતિત મનુષ્ય બને જ છે. એટલે 'ગીતા'ના વાયદાનુસાર 'યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત.' પતિત પાવન પરમપિતા પરમાત્મા કે સદા પાવન અને સૃષ્ટિને પાવન અથવા સ્વર્ગ બનાવે જ છે !!

વાસ્તવમાં, પરમાત્મા એટલે જ સર્વોચ્ચ આત્મા છે. જેથી સદૈવ તે એક જ હોય... અનેક નહીં જ !! આત્મા ક્યારેય પણ પરમાત્મા બની જ ન શકે. જેથી 'આત્મા સો પરમાત્મા' કહેવું ઉચિત નથી જ. આત્મા માટે, પાપાત્મા, પુણ્યાત્મા, ધર્માત્મા, દેવાત્મા વગેરે શીર્ષક આપવામાં આવે છે. પરમપિતા પરમાત્મા શિવ. સદા સર્વશક્તિવાન અને કલ્યાણી છે જ. જ્યારે આત્મા, શક્તિવાન અથવા માસ્ટર શક્તિવાન બની શકે છે. પરંતુ સર્વશક્તિવાન તો કદાપિ નહીં જ !!

હાલના આ વિકારી મૂલ્યહીન જીવનને ગુણીયલ કે હીરાતુલ્ય, સંપૂર્ણ સુખ, શાંતિ અને આનંદ સંપન્ન બનાવવું હોય અથવા તો આ મનુષ્ય જીવનને દેવતા કહેવા લાયક બનાવવું હોય તો આ સૃષ્ટિચક્રના 'કલ્પ'ની સંધ્યાએ હાલ ભારતભૂમિ પર સ્વયં સન્મુખ પધારી, આત્માને નષ્ટોમોહા - સ્મૃતિર્લબ્ધા બનવા અથવા તો

દાનવમાંથી દેવ બનવા 16 દિવ્યગુણોની લહાણી કરી રહ્યા છે અથવા ધારણ કરવાની શક્તિ પ્રદાન કરી રહ્યા છે. જેને આપણે સૌ સહર્ષ અપનાવી આ 'કોડીતુલ્ય' જીવનને 'હીરેતુલ્ય' બનાવી ધન્યતા અનુભવી પુનઃ આ અવિનાશી ભારત-ભૂમિને પુનઃ સ્વર્ગ બનાવીએ.

01. પરમાત્મામાં સંપૂર્ણ નિષ્ઠા
02. આત્મામાં દૃઢતા
03. વિચારમાં સંતુષ્ટતા
04. મનમાં સંતુષ્ટતા
05. બુદ્ધિમાં દિવ્યતા
06. સંસ્કારમાં શ્રેષ્ઠતા
07. દૃષ્ટિમાં પવિત્રતા
08. વાણીમાં મધુરતા
09. કર્મમાં પ્રવીણતા
10. સ્નેહમાં શુદ્ધતા
11. સેવામાં નમ્રતા
12. વ્યવહારમાં સરળતા
13. જીવનમાં સત્યતા
14. આહારમાં સાત્વિકતા
15. વ્યક્તિત્વમાં મહાનતા
16. નિંદ્રામાં નિશ્ચિંતતા

આ દિવ્યગુણ ધારણ કરવાથી જ સતયુગી દૈવીપદ પ્રાપ્ત કરી શકાય છે. જેથી જ તો દેવી-દેવતાઓનું ગાયન છે કે 'દેવતાઓ સર્વગુણ સંપન્ન, સોળેકળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમોધર્મ હતા જ.. આમ, સર્વાંગી, સુખ, શાંતિ, આનંદ અને પવિત્રતા વગેરેની પ્રાપ્તિ કરી શકાય છે. પરંતુ 'મન હોય તો માળવે જવાય' 'ઈચ્છા હોય તો માર્ગ મોકળો છે.'

એમ પણ કહેવાય છે કે નર જો એવી કરણી કરે તો શ્રીનારાયણ બને નારી જો એવી કરણી કરે તો શ્રી લક્ષ્મીપદને પ્રાપ્ત કરી શકે છે. તો આવો આપણે સૌ સાથે મળી ધ્યેય હાંસલ કરવા તત્પર થઈએ.

ટૂંકમાં, મનુષ્યનું શ્રેષ્ઠ, અનોખું, આદર્શ અને અમૂલ્ય જીવન ધ્યેય જ છે...,

**નરમાંથી શ્રીનારાયણ**

**અને**

**નારીમાંથી શ્રી લક્ષ્મી**

**પદ પ્રાપ્તિનું જ.... !!**

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 17નું અનુસંધાન)... દિવાળી અને**

અને બ્રહ્મચર્યના બળથી પ્રકૃતિજીત, માયાજીત, વિકર્માજીત તથા કર્માતીત બની વિશ્વજીત બનો. રોમ રોમમાં પવિત્રતાનો પ્રકાશ લાવો. સર્વગુણ સંપન્ન, સોળ કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી બની નરથી શ્રી નારાયણ અને નારીથી શ્રી લક્ષ્મી બનો. ત્યારે આ સૃષ્ટિ કલિયુગી તમોપ્રધાનતામાંથી સતોપ્રધાન સુવર્ણયુગ અર્થાત્ નવયુગ બની જશે. આવો નવયુગ સર્વને મુબારક હો.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 08નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ પર**

સમાન આપણે જ્યારે બનીશું ત્યારે શક્તિ સ્વરૂપ તેમની અષ્ટભૂજાને ધારણ કરીશું. આપણે હળીમળીને જીવનને શ્રેષ્ઠ બનાવીએ. કોઈ પણ કાર્ય કરવા માટે સ્ત્રી અને પુરુષ બન્નેના ગુણોનું સંતુલન હોવું અત્યંત જરૂરી છે. તો જ તમે તમારું કાર્ય વ્યવસ્થિત રીતે કરી શકશો. માત્ર ડિગ્રીઓથી જીવન ચાલતું નથી. તેની સાથે તમારામાં સામાજિક જ્ઞાન પણ હોવું જરૂરી છે.

**॥ ઓમશાંતિ ॥**

(પેજ નં. 21નું અનુસંધાન)...કર્માતીત

કર્માતીત હશે. (૨૮) આત્મા કર્મમાં આવે અને કર્મ પૂરું થતાં આત્મા ન્યારો બની જાય તે આત્મા કર્માતીત સ્થિતિવાળો હોય. (૨૯) સૃષ્ટિચક્રમાં પાર્ટ બજાવતાં બજાવતાં અનેક દુ:ખોના ચક્કરમાંથી મુક્ત રહી શકે તેવો આત્મા જીવનમુક્તિની સ્થિતિમાં હોય છે. જીવનમુક્ત સ્થિતિ પ્રાપ્ત કરનાર આત્મા કર્માતીત અવસ્થામાં હોય છે. (૩૦) આત્મા કર્મેન્દ્રિયોનો માલિક બની, અધિકારી બની જ્ઞાનની શક્તિથી કર્મેન્દ્રિયો પાસે કર્મ કરાવે તેવો આત્મા કર્માતીત અવસ્થાવાળો કહેવાય.

આપ સૌ શિવસંતાનો પ્રભુપસંદ આત્માઓ છો. ગીતા જ્ઞાન યજ્ઞના વાહક આત્માઓ છો. બાબાના યજ્ઞ કાર્યમાં સહયોગી આત્માઓ છો. જ્ઞાન પ્રાપ્તિના પુરુષાર્થમાં અગ્રિમ હરોળમાં રહો, શ્રેષ્ઠ કર્મયોગી બનો અને કર્માતીત અવસ્થાએ પહોંચો એવી શુભકામના તથા શુભભાવના સહ ...

॥ ઓમશાંતિ ॥

## તંત્રીને પત્રો

વિશેષ લખવાનું કે 'કર્મની ગતિ કેટલી ગહન છે એ વાત રજૂ કરવામાં આપને સફળતામૂર્ત બન્યાના હાર્દિક અભિનંદન.

તંત્રી લેખનો ક્રમાંક સમગ્ર જ્ઞાનામૃતમાં પહેલો હોય છે. માત્ર ક્રમાંક પ્રથમ છે એવું નથી પરંતુ પ્રથમકક્ષાનો આર્ટીકલ છે તે માટે આપને પ્રથમ કક્ષાના હાર્દિક અભિનંદન.

તંત્રીલેખ કર્મની ગહનગતિને વાંચનાર વાચક કોણ જાણે કેમ અંતર્મુખી અવસ્થામાં સરી પડે છે. એટલું જ નહીં પરંતુ પોતાના કર્મને ચેક કરવા લાગે છે. આપના આ તંત્રીલેખની સિદ્ધિ માટે આપને હાર્દિક અભિનંદન.

**બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી**

આપ નિરામય અને પ્રસન્ન જીવનનો આનંદ માણતા હશો એવી આશા. આવી જૈફ વયે પણ જ્ઞાનામૃતના કાર્યને સુપેરે સંભાળી રહ્યા છો તે માટે આપ અભિનંદનને પાત્ર છો. તંત્રી સ્થાનેથી પ્રકાશિત લેખ હું હંમેશ વાંચુ છું. ઓગસ્ટમાં પ્રકાશિત કર્મની ગહનગતિ આર્ટીકલ ગમ્યો. ઈન્ટરેસ્ટીંગ....

**બ્ર.કુ. ચંદ્રવદન ચોક્સી, નડીઆદ**

(પેજ નં. 29નું અનુસંધાન)... દિવ્યદર્શન

શિક્ષણના માધ્યમ દ્વારા સમગ્ર માનવજાતિને વિકારો રૂપી રાવણની માયાજાળમાંથી છોડાવવાનું દિવ્ય અલૌકિક ભગીરથ કાર્ય કરી રહ્યા છે. તો હે સર્વ આત્મબંધુઓ, આપણે સૌ પ્યારા પરમપિતા શિવ પરમાત્માને અને રાવણ પર જીત પ્રાપ્ત કરાવનાર તેમના દિવ્ય કર્તવ્યને ઓળખીએ. સ્વયં રાજયોગ શીખીને સ્વયંની દશ કર્મેન્દ્રિયો પર વિજય મેળવી સાચી વિજયાદશમી મનાવીએ.

'આઓ હમ સબ મીલકર મનાયે દશહરા, દુશ્મન રાવણ કો નીકાલે હર ઘર ઘર સે,

સ્વયંમ્ કો બનાયે સક્ષમ દશ ઇન્દ્રિયો કો જીતનેવાલે, ઔર કર લે ઈસ વિજયાદશમી કો સફલ.'

॥ ઓમશાંતિ ॥

# સમર્પણ વખતે લેવામાં આવતી 7 પ્રતિજ્ઞાઓ

સંકલન : બ્ર.કુ. અશોકભાઈ, સુરત

જેમ લગ્ન વખતે 7 ફેરાની સાથે સાથે 7 પ્રતિજ્ઞાઓ લેવામાં આવે છે તે રીતે આપ પોતાના શિવસાજનની 7 ફેરાઓ ફરતી વખતે 7 પ્રતિજ્ઞાઓ કરો.

1. હું જીવનપર્યંત એકવ્રતા બનીને આપની સાથે રહીશ. સંપૂર્ણ પવિત્રતાનું કંગન ધારણ કરીશ.
2. હું આપની દરેક શ્રીમત, દરેક આજ્ઞાનું દિલથી પાલન કરીશ.
3. તમે જ્યાં બેસાડશો, જેવું ખવડાવશો, જે પહેરાવશો તે પહેરીશ અને દરેક પરિસ્થિતિમાં પ્રસન્ન અને સંતુષ્ટ રહીશ.
4. હું આપના દરેક કર્મમાં સાથ આપીશ.
5. આપના દ્વારા રચેલા રુદ્રજ્ઞાન યજ્ઞનું રક્ષણ કરીશ. યજ્ઞનું નામ રોશન કરીશ. એની સેવામાં પોતાનાં દરેક અસ્થિઓ કામમાં લગાડીશ.
6. બ્રાહ્મણ જીવનની દિનચર્યા (અમૃતવેળા, મુરલી ક્લાસ, ટ્રાફીક કંટ્રોલ, સંધ્યાકાળનો યોગ) વગેરેનું પૂરી દૃઢતાથી પાલન કરીશ.
7. નિરંતર આપની યાદમાં મગન રહીને આપનો સંદેશ જનજનને આપીશ.

॥ ઓમશાંતિ ॥

# બિંદુમાં સિંધુ

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

મનન કરવા સાધના જરૂરી છે.

ચિંતન કરવા વાંચન જરૂરી છે.

મંથન કરવા અનુભવ જરૂરી છે.

દૃઢતા માટે તપસ્યા જરૂરી છે.

સિદ્ધિ મેળવવા એકાગ્રતા જરૂરી છે.

એકાગ્રતા કેળવવા પુરુષાર્થ જરૂરી છે.

પુરુષાર્થ માટે કર્મ કરવું જરૂરી છે.

શ્રેષ્ઠ કર્મ કરવા શ્રેષ્ઠ સંકલ્પ જરૂરી છે.

શ્રેષ્ઠ સંકલ્પ માટે યોગ જરૂરી છે.

યોગ કરવા પરમાત્માને જાણવા જરૂરી છે.

પરમાત્માને જાણવા જ્ઞાન જરૂરી છે.

જ્ઞાન મેળવવા દેહી અભિમાની બનવું જરૂરી છે.

દેહી અભિમાની બનવા શરીરને ભૂલવું જરૂરી છે.

શરીરને ભૂલવા વૈરાગ્ય જરૂરી છે.

વૈરાગ્ય માટે સંસારને ભૂલવો જરૂરી છે.

સંસારને ભૂલવા સ્વરૂપની સ્મૃતિ જરૂરી છે.

સ્વરૂપની સ્મૃતિ માટે સ્વ-ધર્મને જાણવું જરૂરી છે.

સ્વ-ધર્મને જાણવા શાંતિધામની સ્મૃતિ જરૂરી છે.

શાંતિધામની સ્મૃતિ માટે સૃષ્ટિચક્રને જાણવું જરૂરી છે.

સૃષ્ટિ ચક્રને જાણવા બિંદુમાં નિશ્ચય જરૂરી છે.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Sarla R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.



સુરત વરાછા સેવાકેન્દ્રમાં 'જન્માષ્ટમી પર્વ' પર આયોજીત શ્રી કૃષ્ણ બાળલીલાની ઝાંખીનું મનોરમ્ય દશ્ય.



વડોદરા અટલાદરામાં 'જન્માષ્ટમી' પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે મટકીફોડના દશ્યમાં બાળકલાકારો સાથે બ્ર.કુ. અરુણાબેન.



પાટણ સેવાકેન્દ્ર પર 'જન્માષ્ટમી'ની ઝાંખીના કૃષ્ણ–જશોદા કલાકારો સાથે બ્ર.કુ.નીલમબેન, બ્ર.કુ. નિધિબેન, બ્ર.કુ. નીતાબેન.



અમરેલીમાં ઈન્ટરનેશનલ હિન્દુ પરિષદ દ્વારા આયોજીત 'કૃષ્ણ લીલા' ઝાંખીના ઉદ્ઘાટનમાં બ્ર.કુ. ગીતાબેન, ડૉ. ગીરજાભાઈ.




વિરમગામમાં લાયન્સ કલબ દ્વારા 'કેન્સર જાગૃતિ' કાર્યક્રમમાં પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. ધર્મિષ્ટાબેન સાથે કલબના પ્રમુખ ભ્રાતા સેવંતીલાલ, ડૉ. કિરણ શાહ, લાયન્સ કલબના મેમ્બર રુપાબેન .




વ્યારામાં 'સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સીક્યુરીટી ફોર્સ'ના જવાનો માટે આયોજીત 'રાજયોગ શિબિર' બાદ સમૂહમાં સાથે બ્ર.કુ. અરુણાબેન.



અમદાવાદ નિકોલમાં MLA ભ્રાતા બાબુભાઈ જમનાદાસ પટેલના કાર્યાલયમાં ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. પ્રજ્ઞાબેન.




શહેરામાં 'વિશ્વ બંધુત્વ દિવસે' દાદી પ્રકાશમણિજીને શ્રધ્ધાસુમન અર્પણ કરતાં બ્ર.કુ. રતનબેન તથા ગીતાપાઠશાળાના બ્રહ્માવત્સો.

Gyan Amrit Vol.12 | Issue 10 | October 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



છોટાઉદેપુર સેવાકેન્દ્રના બ્ર.કુ. મોનિકાબેનને 'આઇકોનીક પર્સનાલીટી એવોર્ડ' થી સન્માનીત કરતા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભ્રાતા વિજયભાઈ રુપાણી.



દીવ સેવાકેન્દ્ર પર પધારેલ નવનિયુક્ત જીલ્લા કલેક્ટર ભગિની સલૌની રાય IASને ઈશ્વરીય સંદેશ આપી સૌગાત આપતાં સાથે ભગિની તૃપ્તિ સ્વામી.



રાજકોટના નવનિયુક્ત જીલ્લા કલેક્ટર ભગિની રમ્યા મોહન IASને શુભવધાઈ આપી ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. અંજુબેન તથા બ્ર.કુ. કિંજલબેન.



વસો સેવાકેન્દ્ર પર સરકારની યોજના અંતર્ગત કાર્યક્રમમાં જીલ્લા કલેક્ટર ભ્રાતા સુધીરભાઈ પટેલ IAS, MP દેવુસિંહ ચૌહાણ, MLA કેસરીસિંહ સોલંકી તથા અન્ય મહેમાનો સાથે બ્ર.કુ. તરુબેન.



પોરબંદર ખાતે સૌરાષ્ટ્ર સીમેન્ટના સ્ટાફ માટે શિબિરનું ઉદ્દ્ઘાટન કરતાં ડાયરેક્ટર વર્ક ભ્રાતા નરેન્દ્રસિંગ, VP એન્જીનીયરીંગ ભ્રાતા અનિમેશ રાઠોડ, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. મંજુબેન.




આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.સી.પટેલના વિદાય સમારંભમાં કુલપતિશ્રીનું સન્માન કરી ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. સંધ્યાબેન.